ગુજરાત સમાચાર
ગુરુવાર, ૨૬-૧૧-૨૦૨૬

ધર્મલોક



અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે બિરાજમાન ગુજરાતનું પ્રથમ શિખરબંધી સિદ્ધ સ્થાનઃ બોલુન્દ્રાના શ્રી કાલભૈરવ દાદા

ઉત્તર ગુજરાતની અરવલ્લીની ગિરિમાળાઓના રમણીય સાનિધ્યમાં, ઈડર તાલુકાના બોલુન્દ્રા ગામના પાદરે શ્રી કાલભૈરવ દાદાનું ઐતિહાસિક અને પવિત્ર સ્થાનક આવેલું છે. કુદરતી સૌંદર્ય અને શાંત વાતાવરણ વચ્ચે બિરાજમાન આ મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પરંતુ સદીઓથી લાખો શ્રદ્ધાળુઓની અતૂટ આસ્થા, માનતા અને આધ્યાત્મિક અનુભૂતિનું કેન્દ્ર રહ્યું છે. સ્થાનિક લોકવાયકા અને પ્રાચીન ઇતિહાસ મુજબ, બોલુન્દ્રા ખાતે આવેલું આ મંદિર ગુજરાતનું પ્રથમ શિખરબંધી સિદ્ધ કાલભૈરવ મંદિર તરીકે ઓળખાય છે.

હિંદુ ધર્મની પૌરાણિક પરંપરામાં કાલભૈરવને ભગવાન શિવના રુદ્ર, તેજસ્વી અને રક્ષક સ્વરૂપ તરીકે પૂજવામાં આવે છે. શાસ્ત્રોમાં 'ભૈરવ' શબ્દનો અર્થ ભયનું હરણ કરી ભક્તોને અભયદાન આપનાર દેવ એવો થાય છે. કાશીમાં જે રીતે કાલભૈરવ 'કાશીના કોટવાલ' તરીકે નગરની રક્ષા કરે છે, તેવી જ રીતે લોકપરંપરામાં તેમને 'ક્ષેત્રપાળ' અર્થાત્ ગામ અને ક્ષેત્રના રક્ષક દેવ માનવામાં આવે છે. તેમના હાથમાં રહેલા શસ્ત્રો અધર્મ, અનીતિ અને અશુભ શક્તિઓ સામે રક્ષણનું પ્રતીક છે. આથી જ ભક્તો જીવનના સંકટો, વિઘ્નો અને માનસિક ભયમાંથી મુક્તિ મેળવવા દાદાના ચરણોમાં શીશ ઝુકાવે છે.

બોલુન્દ્રાના કાલભૈરવ મંદિરની સૌથી મોટી વિશેષતા અહીં બિરાજમાન દાદાની પ્રાચીન કાષ્ઠ (લાકડા)ની મૂર્તિ છે. મંદિર પરિસરમાં કાલભૈરવ દાદાની સાથે બાવન વીર, ચોસઠ જોગણી અને મહાકાળી માતાજીનું પણ સ્થાપન થયેલું છે, જે આ સ્થાનની તાંત્રિક અને શાક્ત પરંપરાની વિશિષ્ટતા દર્શાવે છે. પથ્થરનું કોતરણીયુક્ત બાંધકામ અને વિશાળ પ્રાંગણ ભાવિકોને અલૌકિક શાંતિનો અનુભવ કરાવે છે. મંદિરની બાજુમાં જ એક પ્રાચીન અને ઐતિહાસિક વાવ આવેલી છે, જે આ સ્થળના ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરે છે. ઇતિહાસકારો અને સ્થાનિક અહેવાલો મુજબ, આ વાવમાં ઈડર સ્ટેટના મહારાજા સાહેબનો શિલાલેખ પણ મોજૂદ છે, જે આ તીર્થસ્થાનના રાજવી અને ઐતિહાસિક મહત્વને ઉજાગર કરે છે.

આ પવિત્ર સ્થાન આશરે સવા બસોથી અઢીસો વર્ષ જેટલું પ્રાચીન હોવાનું મનાય છે. આ તીર્થક્ષેત્ર સાથે સિદ્ધ સંતોની ઉજળી પરંપરા જોડાયેલી છે. અહીં રતપરી બાવજી અને મોતીવનજી મહારાજ જેવા સિદ્ધ સંતોએ આકરી સાધના કરી હતી. મંદિર પરિસરમાં આવેલી આ સંતોની સમાધિઓ આજે પણ ભક્તો માટે પરમ પૂજનીય છે. સંતોની તપશ્ચર્યા અને દાદાની અવિરત ઉપાસનાને કારણે આ સ્થાન એક જાગૃત સિદ્ધક્ષેત્ર તરીકે પ્રસ્થાપિત થયું છે.

કાલભૈરવ ઉપાસનામાં કાળી ચૌદશ, કાલભૈરવ જયંતી, પૂનમ તેમજ રવિવાર અને મંગળવારના દિવસોનું વિશેષ મહત્વ હોય છે. ખાસ કરીને કાળી ચૌદશ અને નવરાત્રિની નોમના દિવસે અહીં વિશેષ હવન, પૂજન અને ધાર્મિક અનુષ્ઠાનો યોજાય છે. નકારાત્મક શક્તિઓના નાશ અને પરિવારની સુખ-શાંતિ માટે આ દિવસોમાં ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ અને કચ્છ ઉપરાંત રાજસ્થાનના ઉદયપુર અને મહારાષ્ટ્રના મુંબઈ સુધીથી શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે.

બોલુન્દ્રાના દરબારમાં આવનાર દરેક ભક્ત પોતાની મનોકામના લઈને આવે છે. ભક્તો દાદાને શ્રીફળ, સુખડી અને અડદના વડાનો પ્રસાદ અર્પણ કરીને પોતાની માનતા પૂર્ણ કરે છે. અહીં આવનાર શ્રદ્ધાળુઓનો એક જ ભાવ હોય છે કે, દાદાના દર્શન માત્રથી મનનો ડર દૂર થાય છે અને સત્યના માર્ગે ચાલવાનું બળ મળે છે. પ્રકૃતિની ગોદમાં વસેલું બોલુન્દ્રાનું આ શ્રી કાલભૈરવ ધામ આજે પણ હજારો શ્રદ્ધાળુઓ માટે ભક્તિ, શક્તિ અને શાંતિનું અનોખું સંગમસ્થાન બની રહ્યું છે.

- તસવીર : પ્રભુદાસ પટેલ

‘ચલી જાત હૈ આયુ જગત મેં
કહત ટેરી કૈં ઘરી ઘરી ઘરીયાલ મેં ।
સમૈં ચૂકી બેકામ ન ફિરિ પછતાઈયે ।
બ્રજ નાગર નંદલાલ
સુ નિસ દિન ગાઈયે ।

આ જગતમાં મનુષ્યનું આયુષ્ય સતત પસાર થઈ રહ્યું છે. ઘડિયાળ વારંવાર સમય વીતી રહ્યો હોવાની સૂચના આપે છે. સમય પસાર થઈ ગયા પછી નિરર્થક પસ્તાવો કરવો ના પડે, તેથી સમયનો સદુપયોગ કરવો જોઈએ અને રાત-દિવસ વ્રજના નાગર નંદલાલ

વિચાર-વીથિકા

દેવેશ મહેતા

ભક્ત કવિ નાગરીદાસ : કૃષ્ણ પ્રેમના અનોખા ઉપાસક



શ્રીકૃષ્ણનું ગાન કરવું જોઈએ.’

- ‘સબ મઝહબ સબ ઇલ્મ અરુ, સબૈ ઇશ્ક કે સ્વાદ ।
અરે ઇશ્ક કે અસર બિન, એ સબ હી બરબાદ ॥

તમામ ધર્મો અને તમામ વિદ્યાઓનો સાર પ્રેમમાં રહેલો છે. પ્રેમના પ્રભાવ વિના આ બધું વ્યર્થ છે.’

- ભક્ત કવિ નાગરીદાસ

વ્રજમાં નાગરીદાસ નામના અનેક ભક્ત કવિઓ થઈ ગયા, પરંતુ તેમનામાં સૌથી પ્રસિદ્ધ કિશનગઢના મહારાજા સાવંતસિંહ છે. નાગરીદાસ અજમેર પાસે આવેલા કિશનગઢના રાજા હતા. તેમનો જન્મ સંવત ૧૭૫૬ (ઇ.સ.૧૬૯૯)માં રૂપનગરમાં થયો હતો અને અવસાન સંવત ૧૮૨૧ (ઇ.સ.૧૭૬૪) માં વૃંદાવનમાં થયું હતું.

ઓગણ પચાસ વર્ષની ઉંમરે પિતાના અવસાન બાદ તે કિશનગઢની રાજગાદી પર બેઠા હતા. ૨૧ વર્ષની ઉંમરે જ ભાનગઢના રાજા યશવંતસિંહની પુત્રી સાથે તેમના લગ્ન થઈ ગયા હતા. તે શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત હતા. તેમને પોતાની સાવકી માતાની દાસી ‘બની-ઠની’ સાથે પ્રેમ થઈ ગયો હતો. તે પ્રેમ એટલો ગાઢ હતો કે તે બની-ઠનીને રાધા માનીને પ્રેમ કરવા લાગ્યા હતા. આથી તેમણે પોતાનું નામ નાગરીદાસ રાખ્યું જેનો અર્થ થાય રાધાના દાસ.

કૌટુંબિક કલહથી કંટાળીને તેમણે સંવત ૧૮૧૩માં રાજપાટનો ત્યાગ કરી દીધો હતો. તે પછી થોડા સમય બાદ તે બની-ઠની સાથે વૃંદાવન આવી જીવનપર્યંત ત્યાં જ રહ્યા હતા. આજે પણ વૃંદાવનમાં નાગરીદાસ અને બની-ઠનીની સમાધિઓ જોવા મળે છે.

નાગરીદાસે ઇ.સ.૧૭૨૩થી ઇ.સ.૧૭૬૨ સુધી નાનાં-મોટાં મળીને સિત્તેરથી વધુ ગ્રંથોની રચના કરી હતી. તેમના કાવ્યોની સૌથી મોટી વિશેષતા સમન્વયવાદી દ્રષ્ટિકોણ છે. ભક્ત કવિ હોવા છતાં તે શૃંગારના અદ્‌ભુત ચિત્રોનું સર્જન કરે છે. વ્રજભાષામાં સાહિત્ય સર્જન કરતા હોવા છતાં ફારસી ભાષાનો વિશિષ્ટ પ્રયોગ કરે છે. એટલું જ નહીં, વલ્લભ સંપ્રદાયમાં દીક્ષિત હોવા છતાં તેમના કાવ્યમાં સખી સંપ્રદાયની યુગલ-ઉપાસનાનો પ્રભાવ પણ જોવા મળે છે.

નાગરીદાસના કાવ્યનો મુખ્ય આધાર પ્રેમ છે. ભક્તિનો આધાર પણ પ્રેમ જ છે. તે પુષ્ટિમાર્ગને અનુસરતા હતા. આ માર્ગમાં ભક્તિ માટે સાંસારિક અને વૈદિક બન્ને પ્રકારના પ્રલોભનોનો ત્યાગ કરવો પડે છે. લૌકિક અને વૈદિક કર્મો કરવાથી મળતાં ફળોની આશા છોડી દેવી પડે છે.

નાગરીદાસના કાવ્યનો મુખ્ય આધાર પ્રેમ છે. ભક્તિનો આધાર પણ પ્રેમ જ છે. તે પુષ્ટિમાર્ગને અનુસરતા હતા. આ માર્ગમાં ભક્તિ માટે સાંસારિક અને વૈદિક બન્ને પ્રકારના પ્રલોભનોનો ત્યાગ કરવો પડે છે. લૌકિક અને વૈદિક કર્મો કરવાથી મળતાં ફળોની આશા છોડી દેવી પડે છે. આ માટે ભક્તે પોતાનું સર્વાત્મનિવેદન ભગવત્યરણોમાં કરી દેવું પડે છે. નાગરીદાસે વલ્લભ સંપ્રદાયના ગોસ્વામી રણછોડલાય પાસેથી દીક્ષા લીધી હતી. વલ્લભાચાર્યજીના સંપ્રદાયના તમામ સિદ્ધાંતોને નાગરીદાસે પોતાના કાવ્યમાં આત્મસાત્ કરી લીધા હતા. એમ છતાં એમના કાવ્યમાં કૃષ્ણભક્તિના તમામ સંપ્રદાયોના સિદ્ધાંતોનાં વિવિધ સ્વરૂપો જોવા મળે છે. નાગરીદાસની એક મહત્ત્વપૂર્ણ વિશેષતા રીતિ અને ભક્તિનો સમન્વય છે. તેમની કવિતામાં માનવીય પ્રેમને અભિવ્યક્ત કરતો શૃંગાર રસ પણ વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. તેઓ માત્ર વૈરાગી ભક્ત કવિ નહોતા, પરંતુ પ્રેમ સંવેદના- વેદનાને ઓળખનારા એવા ભક્ત કવિ હતા. ‘જુગલ રસ માધુરી’માં તે કહે છે- હરિ રાધા વૃંદા બિપુન, નિત બિહાર રસ એક । બિછુરત નહીં પલક હૂં, બીતત કલપ અનેક ॥ હરિ (કૃષ્ણ) અને રાધા વૃંદાવનના વનમાં નિત્ય એક જ રસમાં વિહાર કરે છે. તેઓ એક પળ માટે પણ એકબીજાથી વિખૂટા પડતાં નથી, ભલે ને અનેક કલ્પો વીતી જાય.’

‘જે પડકાર ઝીલશે તેની પ્રગતિ થશે’

કૌરવ રાજકુમારો અને પાંડવોનો વિદ્યાભ્યાસ પૂરો થયો. ગુરૂ દ્રોણાચાર્યએ તેમની પાસે ગુરૂદક્ષિણા માંગી. (પંચાલરાજં દ્રુપદં ગૃહીત્વા...આદિપર્વ) શિષ્યો, પંચાલરાજ દ્રુપદને યુધ્ધમાં હરાવી તેને કેદ કરી જીવતો મારી પાસે લાવો. મારા માટે આ સર્વોત્તમ ગુરૂદક્ષિણા ગણાશે. ‘અર્જુન જાણતો હતો કે તે આ કામ કરી શક્શે. તેને આત્મવિશ્વાસ હતો. પણ કૌરવોમાં ઘમંડ હતો. તેમની પાસે સારા યોદ્ધાઓ હતા. તેમને ગુરૂનો એ પડકાર પહેલાં ઝીલીને એ સાબિત કરવું હતું કે તેઓ પાંડવો કરતાં વધુ શક્તિશાળી છે. અર્જુન તેમના મનની વાત સમજી ગયો. એટલે તો શાંત રહ્યો. તેણે દ્રોણાચાર્યને એકાંતમાં લઈ જઈને કહ્યું. ‘એષાં-પરાક્રમસ્થાન્તે...આદિપર્વ) ગુરૂજી. કૌરવો અભિમાની છે. તેમને પ્રથમ તેમનું પરાક્રમ બતાવવાની તક આપો. તેઓ તેમની શક્તિ બતાવશે ત્યાર પછી જ અમે યુધ્ધ કરીશું. મને ખાત્રી છે કૌરવો યુધ્ધમાં પંચાલરાજને બંદી નહિ બનાવી શકે.’ દ્રોણાચાર્યએ કૌરવોને બોલાવી પડકાર આપ્યો. ‘શિષ્યો, જાવ ફતેહ કરો.’ બીજાને હલકા સાબિત કરવા કે બીજાની પ્રતિભા ખંડિત કરવા ઝીલાતો પડકાર આત્મકલ્યાણનો માર્ગ નથી. પણ કૌરવોનો સ્વભાવ જ દ્વેષી હતો. તેઓ પાંડવોની ભારોભાર ઇર્ષા કરતા. તેઓ પંચાલ દેશ ગયા. પણ દ્રુપદ અને તેના ભાઈ સત્યજિતેની સામે ટકવું સહેલું નહોતું. તેમણે ઘણા પ્રયત્નો કર્યા. પણ દુ:શાસન, વિકર્ણ, શકુનિ, કર્ણ-દુર્યોધન અને સુબાહુ જેવા યોધ્ધાઓ દ્રુપદના ઘાતક બાણોથી ઘાયલ થઈ ગયા. દ્રુપદે તેમના ધનુષ, રથ, ઘોડા અને ધજાઓ છિન્નભિન્ન કરી નાખ્યાં. સૌ જીવ બચાવવા બધું મૂકીને મેદાન છોડીને ભાગી ગયા.

હવે પાંડવોનો વારો હતો. અર્જુને મોટાભાઈ યુધિષ્ઠિરને આરામ કરવા કહ્યું. ‘ભાઈ, તમારે સાથે આવવાની જરૂર નથી. અમે ચાર જ પૂરતા છીએ. પાંડવો પંચાલ દેશ પહોંચ્યા. કૌરવો સાથે યુધ્ધ કરી સેના આમેય થાકી હતી. રાજા દ્રુપદ સાથે યુધ્ધ શરૂ થયું. દ્રુપદ સેનાએ પાંડવો પર ઉપરાઉપરી હુમલા કર્યા. મહાભારતકાર લખે છે. (તદ્ યુધ્ધન ભવદ્ ઘોરં સુમહાદ્ભુતદર્શનમ્) એ યુદ્ધ અત્યંત ભયંકર અને દેખાવમાં અદ્‌ભુત હતું. છેવટે અર્જુને દ્રુપદને ઘેરી લીધો. (તે યજ્ઞસેનં દ્રુપદ... દ્રોણાય ભરતર્ષભ:) આમ પાંડવોએ ગુરૂનું આહ્વાન સ્વીકારી અત્યંત કુનેહપૂર્વક દ્રુપદને મંત્રીઓ સહીત યુદ્ધભૂમિમાં બંદી બનાવી દ્રોણાચાર્યને ગુરૂદક્ષિણા રૂપે સોંપી દીધો.

પડકારને આત્મસાત કર્યા વિના તેને પૂરો કરવાની મઝા લઈ શકાતી નથી. કોઈપણ પડકાર આહ્‌વાન ચેલેન્જ જીવનમાં ઉન્નતિ લાવનાર છે કે કેમ તે આપણને ધર્મને માર્ગે લઈ જનાર છે કે કેમ- એ સમજવામાં આપણો મૂલ્ય વિવેક ડહોળાઈ ના જાય તેની તકેદારી રાખવી પડે છે. અને તો જ સાહસ પછીનું પરિણામ આપણને આનંદ આપી શકે છે. સામે આવેલો પડકાર શુભ તરફ લઈ જશે કે અશુભ તરફ એ નિર્ણય લેતી વખતે આપણા ભવિષ્યની અને આપણી સમજશક્તિની આકરી કસોટી થાય છે. આહ્વાન જો આત્મકલ્યાણકારક હોય, પારકાનું હીત કરનાર હોય કે વ્યક્તિ, સમાજ અથવા દેશની આબરૂ વધારનાર હોય તો તેનું સારૂં પરિણામ સોનામાં સુગંધ મેળવવાનું કામ કરે છે.

૧૮૯૦ની સાલમાં જે.એન.તાતા એક રોયલ નેવી ચાટ ક્લબમાં દાખલ થતા હતા. ત્યારે તેના સિક્યોરીટી ગાર્ડે તેમને રોક્યા. બાજુમાં લગાડેલું બોર્ડ વાંચવા ઇશારો કર્યો. બોર્ડ પર લખ્યું હતું. ઇન્ડિયન- એટલે કે ભારતીય- અને કૂતરાને પ્રવેશવાની મનાઈ છે. અચાનક વીજળીનો કરંટ લાગ્યો હોય એમ તાતા ડગી ગયા. તેમના આત્મગૌરવને જબરજસ્ત ઠેસ પહોંચી. તે પગથિયાં ઉતરી દરિયાકિનારે એક પાળ પર બેઠા. મનોમન પ્રતિજ્ઞા કરી. તે એવી શાનદાર હોટલ બનાવશે જે અંગ્રેજોએ પહેલાં કદી બનાવી ના હોય ! આ એક વિચાર હતો. જાતે મનોમન ઝીલેલો પડકાર હતો. એક મૌન, ગુપ્ત આહ્વાન હતું. વિચાર વલોવાતો ગયો. આકાર લેતો ગયો. અને ૧૯૦૩માં તેમણે મુંબઈમાં એક આલેશાન તાજ હોટલ બનાવી. જે ફક્ત મુંબઈની જ નહિ ભારત

દરેક સફળ વ્યક્તિએ અસફળ વ્યક્તિ કરતાં પડકારોનો વધારે સામનો કર્યો હોય છે. એનો અર્થ એ નથી કે સુખ, સગવડ કે જીવન જરૂરિયાત માટે પ્રયત્ન ના કરવો. પાણીનો અભાવ જેમ છોડને કરમાવે છે એમ અતિ પાણીનો ભરાવો પણ છોડને કોહવાડી દે છે

દેશની શાન બની ગઈ. સાચો પડકાર ઝીલતાં જ આપણી ભીતર પડેલી ગુપ્ત શક્તિ આળસ મરડીને બહાર આવે છે.

આપણે ચાલનાર માણસના અવાજને પારખી શકતા નથી. પણ અંધ વ્યક્તિ પગરવ સાંભળીને આવનારને ઓળખી લે છે. તે તો સ્પર્શમાત્રથી અલગ અલગ વસ્તુઓને પણ ઓળખી લે છે. તેમની આંખનું કામ કાન કરે છે. શારીરિક ખોડવાળી વ્યક્તિ કુદરતી રીતે આવી પડેલા પડકારને સહજતાથી સ્વીકારી સામાન્ય જીવન જીવે છે. ઇંડાને બહારથી દબાવવામાં આવે તો તે તૂટી જાય પણ જો ઇંડુ અંદરની શક્તિથી જોર કરે તો એક નવું જીવન અસ્તિત્વમાં આવે છે. એક એક રૂપિયો બચાવી શહેનશાહી સગવડ, બોર્ડર જેવી સિક્યોરિટી અને ભૂલ જાણવા છતાં ટોક્યા વગર આંખ આડા કાન કરનાર મા-બાપ સંતાનો માટે કોઈ ચેલેન્જ રહેવા જ દેતા નથી. એવું બાળક એકલું પડીને કપરૂં કામ કરી શક્શે ? નિર્ભય રહી શક્શે ? ભીતર પડેલી અગાધ શક્તિનો ઉપયોગ કરી શક્શે ? પોતાની ખુમારીથી વધારાની પ્રગતિ કરી શક્શે ? તેના જીવનમાં સાહસ, આશ્ચર્ય, કુતૂહલ કે પડકાર જેવું કંઈ રહેશે જ નહિ.

આજથી ૧૮૦૦ વર્ષો પહેલાં દક્ષિણભારતમાં અમરશક્તિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ત્રણ પુત્રો હતી. બહુશક્તિ ઉગ્રશક્તિ અને અનંત શક્તિ. રાજમહેલમાં ઠાઠમાઠથી રહેવા ટેવાયેલા હોવાથી તેમની બુધ્ધિ ખીલી નહોતી. તેઓ અતિશય તોફની અને ઉપદ્રવી હતા. રાજા અમરશક્તિની જિંદગીનું સર્વસુખ આ તોફાની બાળકોએ ચૂસી લીધું હતું. એકવાર રાજાએ રાજસભામાં ચિંતા વ્યક્ત કરી. જે આ બાળકોનું ઘડતર કરી તેમને શિક્ષિત કરશે તેમને મોં માગ્યું ઇનામ મળશે. પણ આવા નિરંકુશ બાળકોની જવાબદારી કોણ લે ? છેવટે વિષ્ણુ-શર્માએ આ પડકાર સ્વીકારી લીધો. તે ત્રણેયને પોતાના ઘરે લઈ ગયો. સામાન્ય માણસની જેમ થોડા-થોડા અભાવમાં રાખ્યા. વિષ્ણુએ તેમની મનોવૃત્તિનો અભ્યાસ કરી નાની-નાની વાર્તાઓ કહેવાનું શરૂ કર્યું. તેણે જીવજંતુ, પશુપક્ષી, પર્યાવરણ સંબંધી એક એકથી ચઢિયાતી વાર્તાઓ કહી. છોકરાઓને મઝા પડી. તેઓને પ્રામાણિકતા, દયા અને રાજનીતિ વિષેનું જ્ઞાન આપ્યું. બાળકો રૂચિપૂર્વક વિષ્ણુની વાતો સાંભળતા. છેવટે તેમની બુધ્ધિનો વિકાસ થતો ગયો. તેમના વર્તનમાં, વ્યવહારમાં અભૂતપૂર્વ ફેરફાર થતો ગયો. અંતે છ મહિનામાં તેઓ સંપૂર્ણ તૈયાર થઇ ગયો. રાજા અમરશક્તિ ખુશ ખુશ થઈ ગયો. તેણે વિષ્ણુનું સન્માન કર્યું. શ્રી વિષ્ણુશર્માની એ સુંદર બાળકથાઓ ‘પંચતંત્ર’ના નામે પ્રસિધ્ધ થઈ જે આજે પણ સૌ હોંશથી વાંચે છે.

દરેક સફળ વ્યક્તિએ અસફળ વ્યક્તિ કરતાં પડકારોનો વધારે સામનો કર્યો હોય છે. એનો અર્થ એ નથી કે સુખ, સગવડ કે જીવન જરૂરિયાત માટે પ્રયત્ન ના કરવો. કરવો જ જોઈએ. પણ પાણીનો અભાવ જેમ છોડને કરમાવે છે એમ અતિ પાણીનો ભરાવો પણ છોડને કોહવાડી દે છે. સડાવી નાખે છે જેને પડકાર સ્વીકારી પ્રગતિ કરવી છે તેને ઊંઘ આળસ, ડર, ગુસ્સો, અને બહાનાંનો ત્યાગ કરવો પડે છે.

- સુરેન્દ્ર શાહ

આત્મકલ્યાણલક્ષી પરોપકારધારાનું વિરલ સૂત્ર : ‘રાગ-દ્વેષથી મુક્ત થઈને, મોક્ષસુખ સહુ જીવ વરો...’

અમૃતની અંજલિ

આચાર્ય વિજયરાજરત્નસૂરિ

શુદ્ધ ધર્મપ્રાપ્તિની ભૂમિકારૂપ જે એકવીશ ગુણોનો નિર્દેશ ધર્મરત્નપ્રકરણગ્રન્થમાં છે તેના પરની આપણી ચિંતનયાત્રામાં વીશમા પરોપકાર ગુણનું વિશ્લેષણ ગત લેખથી થઈ રહ્યું છે. ગત લેખમાં આપણે નિહાળ્યો હતો લૌકિક સ્તરનો-બાહ્ય સ્તરનો પરોપકાર. આજે આ લેખમાં આપણે નિહાળીશું લોકોત્તર સ્તરનો- અભ્યંતર સ્તરનો પરોપકાર. ગ્રન્થકારે આ લોકોત્તર સ્તરના પરોપકારને અનુલક્ષીને જ ગ્રન્થમાં પરોપકારનું વિશ્લેષણ કર્યું છે.

ગ્રન્થકાર જે આત્મકલ્યાણનાં સ્તરનાં પરોપકારનો નિર્દેશ કરે છે તેમાં પ્રથમ અને મુખ્ય શરતરૂપે તેઓ આ શબ્દો લખે છે કે ‘સમ્મં વિણાય ધમ્મસબ્ભાવો.’’ ભાવાર્થ કે આવો-આત્મિક સ્તરનો પરોપકાર કરવા તત્પર વ્યક્તિ ધર્મતત્ત્વનો યથાર્થ બોધ પામેલ હોવી જોઈએ. જરૂર નથી કે આ સ્તરનો પરોપકાર માત્ર શ્રમણ જ કરી શકે. ગૃહસ્થ વ્યક્તિ પણ આ સ્તરનો પરોપકાર કરી શકે. પરંતુ શરત એ કે તે સમ્માર્ગનો- ધર્મનો જ્ઞાતા હોવો જોઈએ. બહુ સરલ વાત છે કે જે વ્યક્તિ માર્ગદર્શકની ભૂમિકામાં હોય એ વ્યક્તિને જ જો માર્ગની માહિતી ન હોય તો એ પ્રવાસીને ગલત માર્ગે જ ચડાવી દે. આ જ વાત આધ્યાત્મિક માર્ગમાં- ધર્મક્ષેત્રમાં પણ એટલી જ સબળપણે લાગુ પડે.

ગૃહસ્થ ‘ગુરુ’ ન બની શકે. જૈન શાસ્ત્રો કહે છે કે ગુરુ માત્ર પંચમહાવ્રતધારી સંયમી જ હોઈ શકે. પરંતુ ગૃહસ્થ કલ્યાણમિત્ર બની પોતાના સાથીઓને હિતોપદેશ જરૂર આપી શકે. ટીકાકારભગવંતે આ શ્લોકની ટીકામાં એથી જ આ શબ્દો લખ્યા છે કે ‘સાધોરિવ શ્રાવકસ્યાપિ સ્વભૂમિકાનુસારેણ દેશનાયાં વ્યાપ્રિયમાણસ્યાનુજ્ઞામહ.’ ભાવાર્થ કે સાધુની જેમ શ્રાવકને પણ સ્વભૂમિકાનુસાર હિતોપદેશની અનુજ્ઞા અહીં સૂચિત થાય છે.

માર્ગજ્ઞાતા બનીને માર્ગસ્થ પરોપકાર કરનાર વ્યક્તિ શ્રમણ હો કે શ્રાવક હો : તે ખરા અર્થમાં કલ્યાણમિત્ર બની સામી વ્યક્તિનું આત્મિક સ્તર કેવું ગજબનાક ઊંચકી શકે તે જાણવું છે ? તો વાંચો જૈન શાસનની આ સુપ્રસિદ્ધ છતાં હૃદયંગમ ઘટના :

પશ્ચિમ મહાવિદેહના એક ગામમાં નયસાર નામે ગ્રામચિંતક મુખી વસે. જૈનત્વ એને સાંપડ્યું ન હતું. પણ એના મૂળભૂત સંસ્કારો ઉત્તમ હતા. એનો એક સંકલ્પ એવો હતો કે અતિથિ-સાધુને ભોજન કરાવીને પછી જ ભોજન કરવું. એનો એ સંકલ્પ નિત્ય સચવાતો. એકવાર નયસાર સાથીઓ સાથે જંગલમાં લાકડાં લેવા ગયો. એના માણસો ચોતરફ શ્રમ કરી રહ્યા હતા. મધ્યાહ્ન થયો અને સહુની ભોજનવેળા થઈ. સંસ્કારી નયસાર અહીં પણ વિચારે છે કે કોઈ અતિથિ-સાધુને દાન દેવા મળે અને પછી ભોજન થાય તો સારું. પોતાના એ મનોભાવો પૂર્ણ કરવા એણે દૂર દૂર નજર દોડાવી. કોઈ ન દેખાયું તો એણે વૃક્ષ પર ચડી ચોતરફ દૃષ્ટિ કરી. એમાં દૂર દૂર જંગલમાં માર્ગ ભૂલેલ બે જૈન સાધુઓ દેખાયા.

હર્ષથી ભર્યો ભર્યો નયસાર એ મુનિઓને બોલાવી પોતાને ત્યાં લઈ આવ્યો. એમને ખપતી ખાદ્યચીજો વહોરાવી. મુનિઓએ અને નયસાર વગેરેએ પોતપોતાની મર્યાદા મુજબ વાપર્યું. ભોજન બાદ સરલ ભક્તિવંત નયસારે મહાત્માઓને કહ્યું : ‘તમને માર્ગ સુઘી પહોંચાડવા હું પોતે સાથે આવું છું.’ મુખ્ય વ્યક્તિ હોવા છતાં નયસારનો આ વિનય-ભક્તિ નિહાળી મુનિઓ પ્રભાવિત થયા. એમણે નયસારમાં આત્મિક યોગ્યતા લાગવાથી હિતોપદેશ શરૂ કર્યો કે અમે જંગલમાં ભૂલા પડ્યા અને તમે અમને માર્ગ બતાવો છો. તેમ તમે સંસારરૂપી જંગલમાં ભૂલા પડ્યા છો અને તમે ઇચ્છો તો અમે તમને ધર્મનો સાચો માર્ગ બતાવી શકીએ છીએ.’ ભદ્રિક નયસારે ધર્મ સમજવાની તત્પરતા દર્શાવી. મુનિઓએ એવી ખૂબીથી દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજાવ્યું કે નયસારને ત્યાં અનાદિ મિથ્યાત્વગ્રન્થિનો ભેદ થયો અને નૈશ્ચયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. પંડિતપ્રવર શ્રી વીરવિજયજી મ.સત્તાવીશભવના સ્તવનમાં આ ઘટનાની પ્રસ્તુતિ કરતાં આવી પંક્તિઓ લખે છે કે -

દેવ-ગુરુ ઓળખાવિયા રે, દીધો વિધિ નવકાર,

પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યા સમકિત સાર...

મિથ્યાત્વગ્રન્થિનો ભેદ અને નૈશ્ચયિક સમ્યગ્દર્શનપ્રાપ્તિ બહુ મોટી આધ્યાત્મિક ઉપલબ્ધિ છે. અનંત અનંત સંસારભ્રમણ પછી કોઈ જીવોને ક્યારેય પ્રાપ્ત થાય. આ બને પછી આત્માનો મોક્ષ ચોક્કસ સમયમાં થાય જ. ધર્મતત્ત્વનો યથાર્થ બોધ ધરાવનાર મુનિવરોનાં કારણે નયસારનાં જીવનમાં આ અણમોલ ઉપકાર થયો. આ નયસાર એટલે બીજો કોઈ નહિ. ભવિષ્યના ભગવાન મહાવીરપ્રભુનો આત્મા ! મહાવીર બનવાનાં મંગલાચરણ મુનિવરોના માર્ગસ્થ પરોપકારથી થયાં...



‘મિથ્યાત્વગ્રન્થિનો ભેદ અને નૈશ્ચયિક સમ્યગ્દર્શનપ્રાપ્તિ બહુ મોટી આધ્યાત્મિક ઉપલબ્ધિ છે. અનંત અનંત સંસારભ્રમણ પછી કોઈ જીવોને ક્યારેક પ્રાપ્ત થાય. આ બને પછી આત્માનો મોક્ષ ચોક્કસ સમયમાં થાય જ. ધર્મતત્ત્વનો યથાર્થ બોધ ધરાવનાર મુનિવરોનાં કારણે નયસારનાં જીવનમાં અણમોલ ઉપકાર થયો. આ નયસાર એટલે બીજો કોઈ નહિ, ભવિષ્યના ભગવાન મહાવીરપ્રભુનો આત્મા ! મહાવીર બનવાનાં મંગલાચરણ મુનિવરોના આ માર્ગસ્થ પરોપકારથી થયાં..’

ગ્રન્થકાર મહર્ષિ આ આધ્યાત્મિક પરોપકાર કરનાર વ્યક્તિ કેવી હોય તેનું બીજું વિશ્લેષણ દર્શાવતા પરોપકારવર્ણનનાં શ્લોકમાં જ લખે છે કે ‘નિરીહચિત્તો.’ મતલબ કે એ નિઃસ્વાર્થભાવે-વ્યક્તિગત કોઈ બદલાની અપેક્ષા વિના આ આત્મિક પરોપકાર કરે. ગત લેખના ભૌતિક પરોપકારનાં વર્ણનમાં પણ આપણે આ નિઃસ્વાર્થતાની વાત ગૂંથી હતી. અહીં ગ્રન્થકાર સ્વયં પરોપકાર શ્લોકમાં આ શબ્દ પ્રયોગ કરે છે. એનો સાર એ થયો કે પરોપકાર ભૌતિક-આત્મિક કોઈ પણ સ્તરનો હો : એને સો ટચનો બનાવવા નિઃસ્વાર્થતા નામની પૂર્વશરત જોઈએ જ.

નયસારનાં આત્મકલ્યાણમાં નિમિત્ત બનેલ જે બે મુનિઓનું ઉદાહરણ પૂર્વે અપાયું એમાં આ નિઃસ્વાર્થતાનો ગુણ ઉડીને આંખે વળગે તેવો છે. કેમ કે નયસાર મુનિવરોને માર્ગ બતાવવા તો સામેથી જ આવ્યો હતો. હવે મુનિવરોને એની પાસેથી કોઈ અપેક્ષા ન હતી. કદાચ એ પૂરા જન્મમાં નયસાર એમને બીજીવાર મળવાનો પણ ન હતો. છતાં મુનિવરોએ વિહારશ્રમની સાથે સાથે વિચારશ્રમ અને વ્યાખ્યાનશ્રમ લીધો એ તેમની નિઃસ્વાર્થતાની દ્યોતક ઘટના છે. જો કે એ ઘટના યુગયુગાંતરો પૂર્વેની છે. પરંતુ આજે ય અધ્યાત્મક્ષેત્રે આવી નિઃસ્વાર્થતા-નિઃસ્પૃહતા ક્યાંક ક્યાંક નિહાળવા મળી શકે છે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો, અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજનાં જીવનની આ હૃદયસ્પર્શી ઘટના :

લગભગ સાઠ થી વધુ વર્ષો પૂર્વેની વાત. ત્યારે યુગદિવાકર ગુરુદેવશ્રી ચેમ્બુરતીર્થે ઉપધાનતપ કરાવતા હતા. એમાં એક યુવાન પણ ઉપધાનતપમાં સામેલ હતો. આ યુવાનનો પરિવાર- એના પિતા ગુરુદેવના ભક્ત શ્રાવક હતા. એથી એમણે સમજપૂર્વક જ એને અહીં ઉપધાન માટે પાઠવ્યો હતો. ઉપધાનતપના અંતે એનાં દીક્ષાના ભાવ પ્રગટ્યા.

આ યુવાન એ પૂર્વે અન્ય સમુદાયના એક ગુરુભગવંતના પરિચયમાં આવ્યો હતો. એમને ઉપધાનતપની ખબર પડી એટલે ઉપધાન બાદ ઘરે જતાં પૂર્વે પોતાને ત્યાં બોલાવ્યો અને કોઈપણ એવી વાતો મજબુતાઈથી ઠસાવી કે એ યુગદિવાકર ગુરુદેવ પાસે દીક્ષા ન લેતાં એમની પાસે દીક્ષા લે. યુવાન બદલાઈ ગયો અને ત્યાં જ દીક્ષા લેવા મક્કમ બન્યો.

યુવાન માટે સૌથી મોટી મુશ્કેલી એના પિતાની સંમતિની હતી. યુગદિવાકર ગુરુદેવને છોડી અન્ય સમુદાયમાં દીક્ષા આપવા તેઓ કોઈ રીતે માને તેમ ન હતા. એમાં ય એ યુવાને જે સમુદાય પસંદ કર્યો હતો તે તો એ સમયે વિરુદ્ધ પક્ષનો હતો. એથી ત્યાંની સંભાવના એક અંશની ય ન હતી. યુવાને પિતાની સંમતિના ભાતભાતના પ્રયાસો કર્યા. પિતા એક સમયે એવી દૃઢતા પર આવી ગયા કે દીક્ષા ન લે એ પરવડશે. પરંતુ આ સમુદાય છોડી વિરુદ્ધ પક્ષમાં દીક્ષા લે એ નહિ પરવડે.

હવે યુવાન પાસે કોઈ વિકલ્પ બચતો ન હતો. એણે યુગદિવાકર ગુરુદેવને વિનંતી કરી કે ‘આપ મારા પિતાજીને આજ્ઞા કરો તો જ એ માનશે. તો જ મારી દીક્ષા શક્ય બનશે.’ યુગદિવાકર ગુરુદેવે આ સમયે ઉદાત્ત સ્વભાવનો-નિઃસ્વાર્થ પરોપકારનો પરિચય કરાવતું કદમ ભર્યું. એના પિતાને પત્ર લખીને જણાવ્યું કે એને જ્યાં દીક્ષા લેવી હોય ત્યાં લેવા દો. એ સંસારમાં રહે એનાં કરતાં સંયમમાં રહે એ શ્રેષ્ઠ છે. પિતા માન્યા અને યુવાનની દીક્ષા થઈ. આજે એ યુવાન મોટા શિષ્યવૃંદ સાથે આચાર્યપદે પ્રતિષ્ઠિત છે.

સાતસો પેજના ‘યુગદિવાકર’ મહાગ્રન્થના આલેખનના દિવસોમાં આ અંગેનો પત્રવ્યવહાર અમે ખુદ વાંચ્યો હતો અને ત્યારે ગુરુદેવ પ્રત્યે અંતર અહોભાવથી તર-બ-તર થઈ ગયું હતું કે કેવો ગુરુદેવનો નિઃસ્વાર્થ પરોપકારભાવ !

આવા પરોપકારી વ્યક્તિત્વો માટે ગ્રન્થકારે ત્રીજું વિશેષણ લખી આપ્યું છે ‘મહાસત્તો.’ મતલબ કે એ આત્માઓ મહાસત્ત્વશાલી હોય. ટીકાકાર ભગવંતે આ મહાસત્ત્વશાલીના સાત લક્ષણ એક શ્લોક દ્વારા આ દર્શાવ્યા છે કે તેઓમાં (૧) પરોપકારની તીવ્ર રુચિ (૨) નિઃસ્વાર્થતા (૩) વિનીતતા (૪) સત્ય (૫) ઉદાત્તચિત્તતા (૬) વિદ્યાવ્યાસંગ અને (૭) અદીનતાના ગુણો હોય.

છેલ્લે એક વાત : ઉત્કૃષ્ટ પરોપકારી શ્રી અરિહંતપ્રભુ છે. એમની આત્મકલ્યાણલક્ષી પરોપકારધારા આપણને પ્રાપ્ત થાય તે ભાવનાથી કરીએ આ પ્રાર્થના કે :

અરિહંત ! તારી પરાર્થપ્રીતિ, સાંભળી મેં જ્યારથી,

ક્યારે બનું હું એહવો, લાગી લગન મને ત્યારથી....

મોબાઈલની ‘લાઈક’ સિસ્ટમ જીવનમાં અપનાવો

પ્રેરણાની પરબ

આચાર્ય વિજય અક્ષયરત્નસૂરિ

મોબાઈલ એ માત્ર સોશ્યલ કાર્યો નીપટાવવા માટેનું કે મનોરંજન માટેનું માધ્યમ નથી. બલ્કે જોવાની નજર બદલીએ તો મોબાઈલ જીવનઉત્થાન માટેના અગત્યના સંદેશાઓનું પણ માધ્યમ છે. એ માત્ર શાબ્દિક મેસેજ મોકલવાનું નહિ, પરંતુ આધ્યાત્મિક મેસેજ મેળવવા માટેનું પણ સાધન છે. આજે આપણે નિહાળીશું મોબાઈલનો આવો જ એક આધ્યાત્મિક મેસેજ :-

(૨) મોબાઈલ કહે છે કે ‘લાઈક’ કરતા રહો :- મોબાઈલમાં બધી જ સારી અને ગમતી બાબતોને ‘સેવ’ ન કરી શકાય, અન્યથા મોબાઈલ ‘હેન્ગ’ થાય. આવા સમયે તે તે બાબતોને ‘સેવ’ કરવાના બદલે લોકો તેને ‘લાઈક’ કરતા હોય છે. બસ, આ જ પદ્ધતિ અપનાવવાની છે આપણે જીવનમાં સ્થાન આપવું જોઈએ. પરંતુ ક્યારેક એવું બને કેટલીક સારી બાબતોને ઈચ્છા છતાં આપણે જીવનમાં અપનાવી શકતા નથી, ત્યારે શું કરવું ? ‘લાઈક’ કરવી એટલે કે તે તે શુભ બાબતોની હૃદયપૂર્વક અનુમોદના કરવી-પ્રશંસા કરવી. એ શુભ અનુષ્ઠાન જલ્દીથી મારા જીવનમાં પણ આવે તેવી હાર્દિક પ્રાર્થના કરવી. એ શુભ અનુષ્ઠાન જલ્દીથી મારા જીવનમાં પણ આવે તેવી હાર્દિક પ્રાર્થના કરવી. જૈન શાસન આ પ્રક્રિયા



માટે મજાનો શબ્દપ્રયોગ કરે છે કે ‘અશક્યે ભાવપ્રતિબન્ધ:’ મતલબ કે જે શુભ બાબતને તમે જીવનમાં અપનાવી ન શકો, તે શુભ બાબત સાથે હૃદયનો તીવ્ર ભાવ જોડી દો. એટલે કે ‘કરવા જેવું તો આ જ...’ એવી તીવ્ર તમન્નાને મનમાં પ્રગટાવી દો. આવી તમન્ના પ્રગટે ત્યારે શુભાનુષ્ઠાન કર્યા વિના પણ વ્યક્તિને કેવું ઉત્તમ પરિણામ મળે તે જાણવું ? તો વાંચો આ પ્રેરક ઘટના :-

એક નાનકડા નગરમાં બે સગા ભાઈઓ રહે. બંનેના ઘર-દુકાન વગેરે અલગ અલગ હતા. એક દિવસ ગામમાં એક મુનિભગવંત પધાર્યા. બંને ભાઈઓ તેમનો ઉપદેશ સાંભળવા ગયા. મુનિવરે પ્રભુની ભક્તિ માટેનો સુંદર ઉપદેશ આપ્યો. બંને ભાઈઓને ઉપદેશ ગમ્યો અને એમાંથી મોટા ભાઈએ મુનિ પાસે નિત્ય પ્રભુ પૂજાની પ્રતિજ્ઞા સ્વીકારી. હવે રોજ મોટો ભાઈ પ્રભુ પૂજા કરવા જાય છે. નાનો ભાઈ ધંધાની વ્યસ્તતાવશ વહેલો દુકાને જાય છે. હવે બને છે એવું કે મોટા ભાઈનો પૂજા માટે જિનાલયે જવાનો માર્ગ નાના ભાઈની દુકાન પાસેથી જ પસાર થાય છે. જ્યારે મોટો ભાઈ પૂજા કરવા જાય ત્યારે નાનો ભાઈ દુકાન ખોલીને ધંધો કરતો હોય છે. બંનેની નજર આ દરમિયાન રોજ પરસ્પર મળે છે.

નાનો ભાઈ ત્યારે વિચારતો કે ‘ધન્ય છે મારા મોટાભાઈને કે રોજ સવારે તે પ્રભુની સ્પર્શના કરે છે અને હું અભાગિયો કે ધંધાની આસક્તિનાં કારણે મેં ત્યારે નિયમ ન લીધો. રોજ પૂજા કરું એવા મારા દિવસ ક્યારે આવશે ? શું હતું આ ? મોબાઈલની પરિભાષામાં અશક્ય એવા શુભાનુષ્ઠાનને ‘લાઈક’ કરવાની વાત હતી. પરિણામ આનું એ આવ્યું કે નાનો ભાઈ વગર શુભ અનુષ્ઠાને પણ સદ્ગતિમાં ગયો. અપનાવીશું આપણે પણ આવી ‘લાઈક’ સિસ્ટમ! અને કરીશું હૃદયને શુભની અનુમોદનાથી તર-બ-તર ?

ધાર્મિક પાત્રોની વિશેષ વાતો

આપણે ત્યાં આવતાં ધાર્મિક પાત્રોનાં જન્મ કે પ્રાદુર્ભાવ વિશે અલગ તથા વિશેષ માહિતી મળી આવે છે જે આ પ્રમાણે છે :

(૧) શિવજી : શિવજી અજન્મા છે તેમના પ્રાદુર્ભાવ વિષે કોઈ માહિતી નથી.

(૨) પાર્વતી : પાર્વતી હિમાલય પર્વતનાં પુત્રી છે તેથી પાર્વતી કહેવાયાં છે.

(૩) પ્રભુ શ્રીરામ ચાર ભાઈઓ : રાજા દશરથે પુત્ર કામેષ્ટિ યજ્ઞ કરેલ અને અગ્નિદેવે આપેલ પાત્રમાં રહેલ યજ્ઞ પ્રસાદી (માટી)માંથી ચારે



ભાઈઓની માતા પુત્રવતી બની હતી. માટી ખાવાથી ચારેય માતાઓની કુખે ચાર ભાઈઓ અવતર્યા હતા.

(૪) રાધાજી : બરસાનામાં યજ્ઞ માટે ખેતર (જમીન) સાફ કરતી વખતે રાધાજી પ્રગટ થયાં હતાં.

(૫) કુંભજ ઋષિ : કુંભમાંથી તેનો જન્મ થયો હતો. તેમનું બીજું નામ અગત્સ્ય હતું. રામાયણ કાળમાં રામજી અગત્સ્યના આશ્રમે પધાર્યા હતા.

(૬) કર્ણ : કુંતીને કુમારી અવસ્થામાં પુત્ર પ્રાપ્ત થયો હતો તેથી તેને એક પેટીમાં સુવાડી પાણીમાં વહેવડાવી દેવામાં આવેલ.

(૭) અશ્વત્થામા : ગુરૂ દ્રોણ અને કૃપીનો પુત્ર. જન્મ વખતે ઘોડા જેવો અવાજ કાઢેલો તેથી અશ્વત્થામા નામ પાડવામાં આવ્યું.

(૮) અષ્ટાવક્ર : કહોડ ઋષિ અને સુજાતાનો પુત્ર પિતાના ગુસ્સાને લઈને શાપનો ભોગ બની આઠેય અંગે વાંકો જન્મ્યો હતો.

(૯) અહલ્યા : ગૌતમ ઋષિના શાપથી શીલા (પથ્થર) સ્વરૂપે બની ગયેલી. પ્રભુ શ્રી રામના ચરણ સ્પર્શથી પુનઃ મુળ સ્વરૂપે અવતરિત થઈ.

(૧૦) ઋશ્યશ્રૃંગ : કપાળ પર (શ્રૃંગ) હરણના શીંગડાં જેવું શીંગડું હોવાથી ઋશ્યશ્રૃંગ નામ રખાયું.

(૧૧) મધુ-કૈટભ : મધુ અને કૈટભ નામના દૈત્યો વિષ્ણુના કાનમાંથી પેદા થયેલા.

(૧૧) બ્રહ્માજી : બ્રહ્માજી ભગવાન વિષ્ણુના નાભિકમળમાંથી પેદા થયેલા અને તેમને ચાર મુખ હતા.

(૧૨) ઘટોત્કચ : ભીમ તથા હિડીંબાનો પુત્ર જન્મ સમયે ઘડા જેવું માથું મળ્યું હતું.

(૧૩) જરાસંધ : જન્મ્યો ત્યારે તેના શરીરના બે ટુકડા હતા. જરા નામની રાક્ષસીએ તેને ભેગા કરી સાંધ્યા હતા તેથી જરાસંધ નામ રખાયું.

(૧૪) ધનવંતરી : સમુદ્રમંથનમાંથી નીકળેલાં ૧૪ રત્નોમાંથી એક. આયુર્વેદના જનક હતા. હાથમાં અમૃત કુંભ લઈને જન્મ્યા હતા.

(૧૫) નારદ : નારદજીની ઉત્પત્તિ બ્રહ્માના જમણા હાથના અંગુઠામાંથી થઈ હતી.

(૧૬) ભીષ્મ : શાંતનુ અને ગંગાના પુત્ર ગંગામાંથી પ્રગટ્યા હતા તેથી ગંગાપુત્ર કહેવાયા.

(૧૭) મકરધ્વજ : મારૂતીનું થુંક એક મગરીએ ગળેલ તે મગરીના પુત્ર મકરધ્વજ.

(૧૮) મારીચ : સુવર્ણ મૃગનું રૂપ લઈને પ્રભુ શ્રી રામને દુર લઈ જી સીતાનાં હરણ માટે માર્ગ મોકળો કરી આપ્યો.

(૧૯) હનુમાનજી : કેસરી અને અંજનીના જાયા. મરૂત (પવન) - વાયુથી થયેલ પુત્ર. શિવજીના અંશાવતાર પણ કહેવાય છે.

(૨૦) યુધિષ્ઠિર : કુંતીને યમના મંત્રથી પ્રાપ્ત થયેલ પુત્ર.

(૨૧) ૧૪ રત્નો : સમુદ્ર મંથન વખતે સમુદ્રમાંથી જુદાં જુદાં ૧૪ રત્નો પ્રગટ થયાં હતાં અને દરેકનું કાર્ય તથા દેખાવ અલગ હતા.

● **સુગ્રીવ :** રામાયણ કાળમાં જાંબુવાન રીંછ હતા. હનુમાનજી, વાલી, સુગ્રીવ વિ. વાનર હતા.

અંતમાં એવું કહેવાય છે કે આપણે જ્યારે પ્રભુનાં દર્શને જઈએ ત્યારે ખાલી હાથે ન જવું, કંઈકને કંઈક પત્રમ્, પુષ્પમ્, ફલં, તોયં લઈ જવું. સુદામાજી માત્ર તાંદુલ લઈને શ્રી કૃષ્ણને મળવા ગયા હતા તો શ્રીકૃષ્ણે તેને વૈભવ વિલાસવાળો મહેલ બંધાવી આપેલો. ધાર્મિક તથા પૌરાણિક પાત્રોના જન્મની કથા તથા વાતો પરથી કહી શકાય કે અલગ અસ્તિત્વ તથા દેખાવ ધરાવતાં પાત્રો ઇતિહાસમાં અમર રહેશે.

- ભરત અંજારિયા

પહેલવાનને અખાડા તથા વ્યાયામશાળાની જરૂર પડે છે. શિક્ષકોને પાઠશાળાની અને વૈજ્ઞાનિકોને પ્રયોગશાળાની જરૂર પડે છે તે જ રીતે સાધક, તથા ઉપાસકને આત્મામાં પરમાત્માની અનુભૂતિ કરી પરમાનંદ તથા બ્રહ્માનંદ મેળવવા માટે એક આધ્યાત્મીક સાધના કેન્દ્રની જરૂર પડે છે.

આધ્યાત્મીક ઉપાસના અનેક પ્રકારે કરી શકાય છે. પરંતુ એ બધામાં ગાયત્રી ઉપાસનાનું સ્થાન સર્વોપરિ અને સૌથી વધારે મહત્વનું છે. ગાયત્રી ઉપાસના એકાગ્ર ચિત્તથી, નિયમિત રીતે અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે તો આધ્યાત્મીક સિદ્ધિઓ અને બ્રહ્માનંદ તેમજ ભૌતિક સુખસમૃદ્ધિ અવશ્ય મળે છે.

શાસ્ત્રો કહે છે ગાયત્રી વેદમાતા, દેવમાતા, વિશ્વમાતા તથા કામધેનું છે. ગાયત્રી સાર્વભૌમ મંત્ર છે. તેની સાધના કદાપિ નિષ્ફળ જતી નથી. સાધના, ઉપાસના, આરાધના કરવી અનિવાર્ય છે. કારણકે જે રીતે રમતના મેદાનમાં પરિશ્રમ કર્યા વગર કોઈ ખેલાડી બની શક્તો નથી અને અખાડામાં ઉતર્યા વગર કોઈ પહેલવાન બની શક્તો નથી એ જ રીતે નિયમિત ઉપાસના તથા સાધના કર્યા વગર કોઈ પણ માણસ સાધક બની શક્તો નથી.

ઉપાસનાના સાચા સ્વરૂપને સ્પષ્ટ કરતાં શ્રીરામ-શર્મા આચાર્ય તેમના પુસ્તક 'મારું વીલ અને વારસો' મા લખે છે કે ઉપાસનાના નામે મોટાભાગે એવી ભૂલ થાય છે અને લોકો એવું ખોટું સમજે છે કે ભગવાનને બિચારાને પ્રસાદ નૈવિદ્ય, નાળિયેર, ઇલાયચી વગેરે વસ્તુઓ કદાપિ મળતી નથી અને જો હું તેમને આ બધું ચઢાવીશ તો તેઓ ખૂશ થઈને ખૂબ કૃપા કરશે. જો હું તેમની સ્તુતિ તથા પાઠ કરીશ તો જાગીરદારની જેમ તેઓ પોતાની પ્રશંસા સાંભળીને ખુશ થઈ જશે અને મને માલામાલ કરી દેશે. આવી બધી બાળરમતથી ભગવાનને ફોસલાવી શકાય છે તથા ખુશ કરી શકાય છે અને આપણી મનોકામનાઓ પૂરી કરી શકાય છે પછી ભલે તે યોગ્ય હોય કે અયોગ્ય, ન્યાય સંગત હોય કે અન્યાયપૂર્ણ હોય, છતાં

ગાયત્રીનું મહત્વ



આધુનિક યુગમાં પણ એવા અનેક મહાત્માઓ થઈ ગયા છે. જેમણે ગાયત્રી ઉપાસનાનો આશ્રય લઈને પોતાના આત્મબળ તથા બ્રહ્મતેજમાં અપાર વૃધ્ધિ કરી હતી. તેમના ઇષ્ટ દેવ ભલે જુદા હોય એમ છતાં વેદમાતા ગાયત્રી પ્રત્યે તેઓ અનન્ય શ્રદ્ધા ધરાવે છે

પણ ભગવાન તેમને પૂરી કરી દેશે.

વાસ્તવમાં ઉપાસનાનો સાચો અર્થ છે- પોતાના ઇષ્ટદેવ પાસે બેસીને તેમના દિવ્યગુણોને પોતાના જીવનમાં ધારણ કરવા. ભગવાન આપણી મરજી પ્રમાણે નહિ નાચે. આપણે જ ભગવાનના ભક્ત બનીને તેમના ઇશારા તથા આદેશ પ્રમાણે ચાલવું પડશે.

જો આપણે એ પ્રમાણે કરીશું તો જ આપણે દિવ્યલાભ પ્રાપ્ત કરી શકીશું.

આગ ઇંધણ બની શક્તી નથી, પરંતુ ઇંધણ પોતે જ અગ્નિને સમર્પિત થઈ જઈને આગ બનવું પડે છે. ભક્તે ભગવાનના ઇશારે કઠપૂતળીની જેમ નાચવું પડે છે. ભક્તે સમર્પણ કરવું પડે છે. વરસાદના કે પાણીના ટીપાએ સમુદ્રમાં ભળવું પડે છે. પછી તે પોતે પણ વિશાળ સમુદ્ર બની જાય છે. આ ઉપાસનાનું સાચું તત્ત્વદર્શન છે. જે ભગવાનની પાસે બેસવા ઇચ્છતા હોય તેણે ભગવાનના અનુશાસનનો સ્વીકાર કરીને ભગવાનના અનુયાયી તથા સહયોગી બનવું પડે છે.

ગાયત્રી મહામંત્રની આટલી બધી મહત્તા હોવાના કારણે જ પરાપૂર્વથી આપણા ઋષિઓ, મહર્ષિઓ તથા મહાપુરુષો ગાયત્રીની ઉપાસના તથા તપશ્ચર્યા કરતા રહે છે, વશિષ્ઠ, અત્રિ, યાજ્ઞવલ્ક્ય, વિશ્વામિત્ર, વેદવ્યાસ, શુકદેવ, દધીચિ, વાલ્મીકિ, કણ્વ, ચ્યવન, લોમશ, દુર્વાસા, પરશુરામ, દત્તાત્રેય, અગસ્ત્ય, સનતકુમાર, શૈનક વગેરે ઋષિઓના જીવન તરફ જો દૃષ્ટિપાત કરીએ તો સ્પષ્ટ રૂપે સમજાઈ જશે કે તેમની મહાનતા અને સફળતાનું મૂળ કારણ તેમની ગાયત્રી સાધના જ હતી.

આધુનિક યુગમાં પણ એવા અનેક મહાત્માઓ થઈ ગયા છે. જેમણે ગાયત્રી ઉપાસનાનો આશ્રય લઈને પોતાના આત્મબળ તથા બ્રહ્મતેજમાં અપાર વૃધ્ધિ કરી હતી. તેમના ઇષ્ટ દેવ ભલે જુદા હોય એમ છતાં વેદમાતા ગાયત્રી પ્રત્યે તેઓ અનન્ય શ્રદ્ધા ધરાવે છે.

ગાયત્રી માતાનું સ્તનપાન કરીને જ અસાધારણ પ્રતિભા, પ્રચંડ આત્મબળ તથા બ્રહ્મબળ પ્રાપ્ત કરીને મહાપુરુષ બની શક્યા.

શંકરાચાર્ય, સમર્થગુરુ, રામદાસ, નરસિંહ મહેતા, દાદુ દયાળ, સંતજ્ઞાનેશ્વર, સ્વામી રામાનંદ, ગોરખનાથ, હરિદાસ, તુલસીદાસ, રામાનુજાચાર્ય, માધવાચાર્ય, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, મહર્ષિ અરવિંદ મહર્ષિ રમણ વગેરે મહાત્માઓનો આધ્યાત્મીક વિકાસ ગાયત્રી મહાશક્તિનો પાલવ પકડવાથી જ થયો હતો. ગાયત્રી સાધના કદાપિ નિષ્ફળ જતી નથી.

ૐ ભૂર્ભુવ : સ્વ: તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયોયોન:
પ્રચોદયાત્ ॥

- હરસુખલાલ ચુનીલાલ વ્યાસ


સત્ય અને અસત્ય

આમ તો સત્ય અને અસત્ય વચ્ચે મેળ બેસે નહિ. પણ આપણા આ સત્ય અને અસત્ય મિત્રો હતા. તેમાંના સત્યએ અસત્યનું બદલાણ કરવા માટે શુધ્ધ ઇરાદાથી દોસ્તી રાખી હતી. પણ અસત્યનો ઇરાદો બદદાનતવાળો હતો.

બંને સાથે રહે. હરે ફરે. કથાકીર્તનમાં ભાગ લે. જ્યાં સત્ય પ્રગટ કરવાનું હોય ત્યાં કરે. તેમાં સત્યનો હાથ ઊંચો રહેલો દેખાય. જો કે તેઓની મૈત્રી જોઈને સજ્જનોમાં અણગમો રહેતો હતો. તેઓને ભય હતો કે ભવિષ્યમાં આ અસત્ય તે સત્યને છેતરીને તેનું નામનિશાન મિટાવી દેશે. તો વળી અસત્યના સાથીઓને આનંદ હતો કે તેઓનો સાથીદાર ચોક્કસ સત્યને દબાવી દેશે. અને દુનિયામાં અસત્યની બોલબાલા વધશે.

સત્યનો પોષાક સફેદ, સ્વચ્છ અને સાદો. અસત્ય કાળાં વસ્ત્રો પહેરતો. તે એટલા માટે કે એવા પોષાકથી તે શાણા લોકોને લલચાવે અને પ્રલોભનમાં પાડે.

સત્યએ સુભનિષ્ઠાથી દોસ્તી ટકાવી રાખી હતી. પણ અસત્ય તો દોસ્તીનો ડોળ



કરીને તેને સન્માર્ગેથી પાછો વાળવા અને પછાડવાનાં સોગઠાં રમી રહ્યો હતો. લોકો પોષાક પરથી તેને પારખી ગયા હતા.

સત્યવાદીઓને ભય હતો કે આ અસત્ય ચોક્કસ સત્યને ભરમાવી દેશે. બન્યું પણ એવું જ. આ કહેવાતા મિત્રો ફરવા નીકળ્યા. વચમાં નદી આવી. તેનું જળ શીતળ અને સ્વચ્છ. બંનેએ તેમાં સ્નાન કરવાનો સંકલ્પ કર્યો. વસ્ત્રો કિનારે ઉતાર્યા. સરિતા સ્નાનમાં સમય પ્રસાર્યો. પછી અસત્યએ સત્યને કહ્યું કે 'મારું સ્નાન પતી ગયું છે.' સત્યએ તેને વધારે વખત નગીના સ્નાનમાં રોકાવા કહ્યું. પણ અસત્યએ તેનું ગણકાર્યું નહિ. તે બદઇરાદા સાથે બહાર આવ્યો. ચાલાકીથી સત્યનાં વસ્ત્રો પહેરીને પલાયન થઈ ગયો. સ્નાન પૂરું થયા પછી સત્યને પોતાનો પોષાક મળ્યો નહિ. તે સમજી ગયો. પણ શું થાય ? તેને ના છૂટકે અસત્યનાં કપડાં પહેરી લેવાં પડ્યા. લોકો તો પોષાક પરથી જ તેઓને ઓળખતા. તેઓએ સત્યને અસત્ય અને અસત્યને સત્ય માન્યો. ત્યારથી આજનો જનસમાજ પણ એવું માનીને ભયના ઓથાર નીચે જીવી રહ્યો છે.

સમય આવશે ત્યારે સમાજ સાચું સમજે તેવો વિસ્ફોટ થશે.

તેઓ સત્ય જાણશે. અને સત્ય તેઓને ભયમાંથી મુક્ત કરશે.

- ડો. સુરેન્દ્ર આસ્થાવાદી

હિંદુ ધર્મ વિશે આટલું જાણવું ખૂબ જરૂરી છે

'હિંદુ' શબ્દ ગ્રીક લોકો સિંધુ નદી તટે રહેતા ત્યારે 'સ'નો 'હ' બોલતા જેથી સિંધુનું હિંધુ થયું. તે પછી અપભ્રંશ થઈ હિંદુ થયું જેથી આપણા દેશના કુલ ૯ (નવ) નામ પૈકી એક નામ હિંદુસ્તાન પણ છે. 'હિંદુ' માત્ર શબ્દ નથી એ એક ખાસ જીવન જીવવાની પ્રણાલી છે, શૈલી, સ્થાપિત પરંપરા, ઢબ છે. વિશ્વના કુલ ૨૪૯ દેશોની કુલ વસ્તિના ૧૫% અને ભારત દેશની કુલ ૮૧% વસ્તિ હિંદુ છે, હિંદુ ધર્મ પાળે છે એ ધર્મની ખાસ લાક્ષણિકતાઓની વિશેષતા, રિવાજો, ખાનપાન, તહેવારોની રોચક વાતો 'ધર્મલોક'ના લાખો વાચકો સમક્ષ મૂકવી છે, જે ગમશે.



હિંદુ ધર્મમાં સગુણ અને નિર્ગુણ (સાકાર-નિરાકાર)ની ઉપાસના છે. જેમાં નવધા ભક્તિનો સમાવેશ થાય છે. વિશ્વના આશરે કુલ ૪૫ ધર્મોમાં હિંદુ ધર્મનું સંખ્યાની દ્રષ્ટિએ સ્થાન ૧ થી ૫ માં મોખરાનું છે. મુખ્ય પાંચ સંપ્રદાયો છે : વૈષ્ણવ, શૈવ, શાક્ત, ગાણપત્ય અને સૌર - જેમાં પંચદેવ સમાહિત છે. સમગ્ર ભારતના ૧૦૦૦થી વધુ પેટા સંપ્રદાયો છે.

હિંદુ ધર્મનું પગેરું વેદો સુધી જાય છે જેથી વૈદિક ધર્મ પણ કહેવાય છે. બધા ધર્મોના સ્થાપક છે, હિંદુ ધર્મમાં સ્થાપકનું કોઈ જ નામ નથી - એ સનાતન છે. 'સનાતન' એટલે જે પહેલેથી છે જ. જેમકે હવા ક્યારથી છે ? જવાબ છે : અસ્તિત્વનું અસ્તિત્વછે ત્યારથી.

હિંદુ દર્શનમાં દ્વૈત, અદ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈતની આત્મા-પરમાત્માની ભાવના છે જેને શંકરાચાર્ય, નિંબકાચાર્ય, રામાનુજાચાર્ય, માધવાચાર્ય અને વલ્લભાચાર્યે પ્રસ્થાનત્રયી (વેદ, ઉપનિષદ, ગીતા)નું આલંબન લઈ ઈશ્વર-ભગવાન, આત્મા-પરમાત્મા, જન્મ-પુનર્જન્મ, મોક્ષપ્રાપ્તિના સિદ્ધાંતો સાબિત કરી બતાવ્યા છે.

શ્રૃતિ, સ્મૃતિ, ઋગવેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, (આયુર્વેદ, ધનુર્વેદ, ગંધર્વવેદ, સ્થાપત્યવેદ ઉપવેદો છે). ૧૦૮ ઉપનિષદો, ૧૮ પુરાણો, ૨૧ સ્મૃતિઓ, રામાયણ, મહાભારત, યોગવશિષ્ઠ રામાયણ, વિદુરનીતિ, ચાણક્યનીતિ, નીતિશતક, વૈરાગ્ય શતક, ચંદ્રકાન્ત ભાગ-૧,૨, ગોપીગીત, સુંદરકાંડ, હનુમાનચાલીસા, ચંડીપાઠ, સત્યનારાયણની કથા, વાસ્તુશાસ્ત્ર અનેક સ્તોત્રો, ચાલીસા, મંત્રો, વિષ્ણુસહસ્ત્રનામ, સત્યાર્થપ્રકાશ, સંહિતા અને શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવાં અનેક શાસ્ત્રો અને વિપુલ સાહિત્ય હિંદુધર્મને સમજવામાં યુગોથી આસ્તિકો માટે દીવાદાંડીરૂપ બન્યું છે.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ મુખ્ય છે જે સર્જન, પાલન અને નવસર્જન કરે છે. શક્તિ માટે જગદંબા આદ્યશક્તિ, જ્ઞાન માટે મા સરસ્વતીજી અને અસામાજિક તત્વોના નાશ માટે મહાકાલી પ્રસ્તુત છે. શ્રી ગણેશજી વગર અહીં કોઈ શુભારંભ નથી થતો અને આખે આખી ૭૦૦ શ્લોકોની ગીતા, સુંદરકાણ્ડ, હનુમાન ચાલીસા કંઠસ્થ હોય એવા ભક્તોનો અહીં તોટો નથી. સત્યનારાયણની કથા ઘેર ઘેર થાય છે. વાસ્તુ વગર ગૃહપ્રવેશ અશક્ય છે. સાત ફેરા સપ્તપદીના સુંદર શ્લોકોથી અહીં ગૃહસંસારની શરૂઆત થાય છે. 'નાણાવટી સાજન બેઠું માંડવે' - ની મજા જ કંઈક ઓર છે !

ગાય અહીં માતા છે. ગૃહિણી પહેલી રોટલી (ગોગ્રાસ) ગાયને અર્પણ કરે એ ભાવના જ ગદ્‌ગદ્ કરી મૂકે છે. દરેક ઘરના આંગણે તુલસીક્યારો હોય એટલે મોહનપ્યારો રાજીના રેડ. જયશ્રી કૃષ્ણ. ભગવાનને ધરાવ્યા પછી જ રસોઈ જમવાનું સૌભાગ્ય જ કંઈક ઓર છે.

એક વાર કાઠિયાવાડમાં ભૂલો પડ ભગવાન તને સરગ ભૂલાવું શામળા સાંગોપાંગ અહીં ચરિતાર્થ છે. દ્વારકા, ભુવનેશ્વરી, ગોંડલ, વીરપુર જલારામ, આપાગીગા, મા ખોડિયાર, અંબાજી, બહુચરાજી, પાવાગઢ, સાળંગપુર, વડતાલ, બાપા સીતારામ, સંતરામ મહારાજ નડીયાદ, શામળાજી, ડાકોર જેવાં અનેકાનેક યાત્રાધામોમાં તમામ યાત્રાળુઓ માટે બપોરે અને રાત્રે નિઃશુલ્ક પકવાન સાથે જમવાની અત્યાધુનિક વ્યવસ્થા પ્રતિદિન ૧૦ (દસ) લાખની સંખ્યા અતિક્રમે એ આઠમી અજાયબી જ છે.

કંઠી, માળા, જનોઈ, ગંગાસ્નાન, નાગપૂજા, પીપળે પાણી, સૂર્યને જળાભિષેક, અર્ઘ્ય, તુલસી વિવાહ, રથયાત્રા, સીમંત, ઉપવાસ, શ્રાદ્ધ, ભિન્ન ભિન્ન મેળા, સૂતક, અસ્થિવિસર્જન, વિભિન્ન કથાઓ, હોમ-હવન, દાન, હિંડોળા, શાકોત્સવ, પ્રાણપ્રતિષ્ઠા, ધ્યાનયોગ, ચોપડા પૂજન, સોળ સંસ્કાર, દરરોજ મંદિર દર્શન સૌ જનોમાં શ્રદ્ધા, વિશ્વાસ, સંસ્કારનું અદ્‌ભુત અનોખું કલ્પવૃક્ષ ઊભું કરી દે છે.

- પી. એમ. પરમાર

'જીવનને હળવું ફૂલ બનાવો'

જીવનમાં નકારાત્મક વિચારીક શ્રેણીથી બિનજરૂરી તણાવથી મુક્ત રહો. જીવનમાં એટલા ગંભીર પણ ના બનો કે આપણે આપણી જાતને ડીપ્રેશનમાં લાવીને ચિંતાના પોટલામાં ગરકાવ થઈ જઈએ. જીવન હળવું ફૂલ રૂ ના ઢગલા જેવું બનાવી જીવનનો આનંદ માણો. બીજા સાથે તૂલના કે સરખામણી કરશો તો તમે તમારુ ધ્યેય, પ્રગતિનું લક્ષ્યના સ્થાને ગ્રહણ નહીં કરી શકો. તમે તમારા જ તમારા વિચારો પ્રમાણે કાર્યમાં મગ્ન રહો. તમારી પતરાળીમાં જે પિરસાયું છે તે જમી લો બીજાનું જોવા જશો તો તમે ભૂખ્યા રહી જશો. કોઈની સંપત્તિ, વૈભવ, સુખ સાહબી ના જોશો. તમારા કર્મના આધારે જે આવ્યુ છે તેનો સંતોષ અનુભવો અને નવા કાર્યોમાં જોશ લાવો.

પ્રપંચ, ગપ્પાબાજી, નકામા વ્યર્થ વાદ-વિવાદ, વ્યસનોથી દૂર રહો, સમય બગાડવો એ પણ એક ગુન્હો છે. જીવન ભારરૂપ લાગે તેવા કાર્યોથી દૂર રહો, હળવાફૂલ થઈ દિવસને આપેલી ભેટ માની આનંદ લુંટો. જે લોકોનું ચિંતન સકારાત્મક હોય તેનો સંગ કરો. જીવનમાં ભૂલો ભૂતકાળમાં થઈ તેને ભૂલીને હવે એ ભૂલોનું પુનરાવર્તન ના થાય તેની તકેદારી રાખી વર્તમાન ને માણો, અને ભવિષ્યનું નિર્માણ કર્મના સિધ્ધાંતના ન્યાયે ગોઠવાયેલું છે, તેની ચિંતા પ્રભુના શીરે રાખો, બિન જરૂરી ચિંતાના પોટલા માથે મુકીને પ્રગતિની સીડી ના ચઢી શકાય. ટ્રેનમાં બેઠા પછી સુટકેશ માથે ના રખાય, કે ગાડીને ભાર લાગ છે તો આવી મુર્ખામી ના કરો. સંગ સારા નો કરો.

નાની નાની બાબતોમાં સફળતા પ્રસન્નતા અનુભવો. આશા, ઉત્સાહ, ઇચ્છાઓ આ જીવનમાં રાખશો તો જ દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત થશે. નિષ્ફળતા મળે કદાચ તો બેસી ના રહો, પ્રયત્ન કરતા આગળ વધો. જીવનમાં પ્રાકૃતિક સૌંદર્યને માણો બીન જરૂરી ખર્ચા જીવનને ભારરૂપ બનાવે છે. સુખ, સાહબી, વૈભવ જરૂરિયાત પ્રમાણે ભોગવો તેની ના નથી, જીવન એ આનંદનું સ્વરૂપ છે, આનંદ એ જ પરમાત્માનું સ્વરૂપ છે.

આ સંસાર એ પ્રભુએ બનાવેલો બગીચો છે. જાત જાતના ફૂલો ખીલ્યા છે તો સુંગધ લુંટી લો, બીન જરૂરી ઘાસ પણ ઉગવાનું. સંબંધો પણ એવા જ છે સારામાંથી સારુ ગ્રહણ કરી લો. જીવન વહેતા ઝરણા જેવું બનાવો તો તમારુ પ્રતિબિંબ પણ નિહાળી શકશો. કુવાના દેડકા જેવુ જીવન ના બનાવો. પાણીનું ખાબોચિયુ જેવુ જીવન થશે તો કોઈ તમને સાથ, સહકાર પણ નહીં આપે. માટે બધા સાથે ભળો તાલ સે તાલ મીલાવો.. ચાલતા રહો, રુકો મત.

- વસંત આઈ. સોની

સંગતની રંગત, ઈશ્વરની બરકત!



સંગત માણસને ઘડે છે,
મિત્રતા જીવનને મહેકાવે છે
અને ઈશ્વરનો સંગ જીવનને
આશાથી ભરી દે છે.

'સંગ એવો રંગ !' નાનકડી કહેવત, પણ જીવનની મોટી શીખ ! જેમ રંગના સંપર્કથી સફેદ કપડું રંગાઈ જાય છે, તેમ માણસ પણ પોતાના સંગના રંગે રંગાતો જાય છે. આપણે કોની સાથે બેસીએ છીએ, કોની વાતો સાંભળીએ છીએ અને કોના વિચારો અપનાવીએ છીએ, તેના પરથી આપણા વ્યક્તિત્વનું ઘડતર થાય છે. એટલે પ્રશ્ન એ નથી કે આપણા મિત્રો કોણ છે, પરંતુ એ છે કે તે મને સંગદોષ આપણે કેવા બની રહ્યા છીએ !

સંબંધોમાં પ્રેમ અને ક્ષમા જરૂરી છે. મતભેદ થાય એ સ્વાભાવિક છે, પણ મનભેદને કાયમી બનાવવો યોગ્ય નથી. અહંકાર સંબંધો તોડે છે, જ્યારે નમ્રતા અને ક્ષમા તેમને જોડે છે

નીતિશાસ્ત્ર શીખવે છે કે; 'જ્ઞાની લોકોની સાથે ચાલનાર જ્ઞાની થશે.' સારો સંગ જીવનને ઊંચે લઈ જાય છે, જ્યારે ખોટો સંગ આપણને ધીમે ધીમે પતન તરફ દોરી શકે છે.

સાચો મિત્ર કોણ ? જે આપણી સફળતામાં ખુશ થાય, નિષ્ફળતામાં હિંમત આપે, ભૂલ થાય ત્યારે સમજાવે અને મુશ્કેલીમાં પડખે ઊભો રહે, તે સાચો મિત્ર ! નીતિશાસ્ત્ર જણાવે છે કે, 'જેમ લોઢું લોઢાને તેજ કરે છે, તેમ માણસ પોતાના મિત્રને તેજસ્વી બનાવે છે.' સાચો મિત્ર સમય પસાર કરતો નથી; તે આપણા જીવનને વધુ સારુ બનાવે છે.

સંબંધોમાં પ્રેમ અને ક્ષમા જરૂરી છે. મતભેદ થાય એ સ્વાભાવિક છે, પણ મનભેદને કાયમી બનાવવો યોગ્ય નથી. અહંકાર સંબંધો તોડે છે, જ્યારે નમ્રતા અને ક્ષમા તેમને જોડે છે. જોકે જે સંગ આપણને ખોટા માર્ગે દોરે, તેનાથી અંતર રાખવું પણ સમજદારી છે. દરેકને પ્રેમ આપીએ, પણ દરેકના પ્રભાવને આપણા જીવન પર હાવી ન થવા દઈએ.

સૌથી સુંદર સંગ - ઈશ્વરનો સંગ ! માનવીય મિત્રતા અમૂલ્ય છે, પરંતુ દરેક વ્યક્તિ દરેક સમયે આપણી સાથે રહી શકતી નથી. દુઃખ, બીમારી, નિષ્ફળતા અને એકલતાની પળોમાં ઈશ્વરની હાજરી આપણને આશા આપે છે. કોઈ એક ભક્ત કવિ જણાવે છે કે; 'ભલેને મૃત્યુછાયાની ખીણમાં થઈને મારે પસાર થવું પડે, તોપણ હું કોઈ અનિષ્ટથી ડરીશ નહિ, કેમકે ઈશ્વર મારી સાથે છે.'

ઈશ્વરનો સંગ એટલે પ્રાર્થના દ્વારા તેમની સાથે વાત કરવી, ધર્મશાસ્ત્રનાં વચનોમાંથી માર્ગદર્શન મેળવવું અને તેમના માર્ગે ચાલવું. જ્યારે આપણે ઈશ્વરની નજીક જઈએ છીએ, ત્યારે આપણામાં પ્રેમ, ક્ષમા, નમ્રતા અને સેવાની ભાવના વિકસે છે. પરિણામે આપણે સારા મિત્રો શોધવાની સાથે બીજાઓ માટે સારા મિત્ર પણ બનીએ છીએ.

તો ચાલો, સંગ એવો રાખીએ કે વિચારો ઊંચા બને, મિત્રતા એવી કેળવીએ કે મુશ્કેલીમાં હિંમત મળે અને સંબંધો એવા બાંધીએ કે જીવન પ્રેમથી મહેકી ઊઠે. કારણ કે ખોટો સંગ આપણને ભટકાવી શકે, સાચો મિત્ર આપણને સંભાળી શકે, પરંતુ ઈશ્વરનો સંગ જીવનના અંધકારમાં પણ આશાનો દીવો પ્રગટાવી શકે છે.

સંગતની રંગત સદગુણોની હોય, મિત્રતાની સુગંધ પ્રેમની હોય અને જીવનની દરેક પળ ઈશ્વરની બરકતથી ભરપૂર હોય તો કેવું સારું?

- ચંદ્રકાન્ત પથિક

ભગવાન વેદવ્યાસજીના ઉપકારો

ભગવાન વેદવ્યાસજી અને શુકદેવજી મહારાજ માટે મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યજી શ્રીમદ્ ભાગવતજીના પ્રથમ સ્કંધમાં એક ભાવ મુકે છે કે, ભાગવતની રચના ભગવાન વિષ્ણુએ કરી અર્થાત્ ભગવાન વિષ્ણુ જ વ્યાસજી બની પ્રગટ થયાં. ભાગવતનો પ્રચાર-પ્રસાર એ મહાદેવજીએ કર્યો. સ્વયં ભગાન શિવ શુકદેવજી મહારાજના સ્વરૂપે વેદ વ્યાસજીને ત્યાં પ્રગટ થયાં

'વ્યાસોચ્છીષ્ટમ જગત્ સર્વમ્' વક્તા જે કંઈ બોલે છે એ ભગવાન વેદવ્યાસજીની પ્રસાદી છે. આપણે ત્યાં સનાતની પરંપરા અને એમાં સનાતન ધર્મનું જો કોઈએ સ્વરૂપ પ્રગટ કર્યું હોય તો અ ભગવાન વેદવ્યાસજી છે. જે સમયે વ્યાસજી પ્રગટ્યાં એ પૂર્ણિમાને 'વ્યાસ પૂર્ણિમા' તરીકે માનવામાં આવે છે. ગુરુ પૂર્ણિમાનું પ્રાચિન નામ 'વ્યાસ પૂર્ણિમા' છે. આ પૂનમને દિવસે ભગવાન વેદવ્યાસજીની પૂજા થાય. તેમની પૂજા થયા પછી આદિ જગતગુરુ ભગવાન શંકારચાર્યજીની પૂજા થાય. એ પછી આપણે ગુરુ પરંપરાની પૂજા, જે આપણા સદ્ગુરુ હોય એમની પૂજા આપણે કરીએ. પણ, સૌથી પહેલાં ભગવાન વેદવ્યાસજી, દેવર્ષિ નારદજી અને શુકદેવજી મહારાજની પૂજા કરવાનું વિધાન છે. ભગવાન વેદવ્યાસજી માટે એમ કહી શકાય કે બ્રહ્માજીને ચાર મુખ હતાં. વેદવ્યાસજીને ચાર મુખ નથી એક જ મુખ છે પણ, તે છતાંય એ બ્રહ્મા છે. ભગવાન વેદવ્યાસ બ્રહ્માજી એવી રીતે કહેવાય છે કે, બ્રહ્માજી સૃષ્ટિનું સર્જન કર્યું તો ભગવાન વેદવ્યાસજીએ મહાભારત જેવો પવિત્ર ગ્રંથ સમાજને આપ્યો. બદ્રિનાથમાં સાધના કરી, તપસ્યા કરી મહાભારતજેવા ગ્રંથનું સર્જન કર્યું, પુરાણોની રચના કરી એટલે વ્યાસજી બ્રહ્મા છે.

ભગવાન વિષ્ણુ ચતુર્ભુજ છે. ભગવાન વેદવ્યાસજીને બે જ હાથ છે પણ, તે છતાંય ભગવાન વેદવ્યાસજી વિષ્ણુનું સ્વરૂપ છે. એમણે વેદોને ક્રમબદ્ધ કર્યા. ચાર વેદ પોતાના ચાર શિષ્યોને ભણાવ્યા. જેમાં અથર્વવેદ અંગીરા ઋષિને પૈલ નામના ઋષિને, સામવેદ જૈમિની નામના ઋષિને યજુર્વેદ વૈશમ્પાયન ઋષિને ભણાવ્યો; માટે એ ભગવાન વિષ્ણુ છે.

મહાદેવજીના લલાટમાં ચંદ્ર છે. ભગવાન વેદવ્યાસજીના લલાટમાં ચંદ્ર નથી. તે છતાંપણ તેઓ સાક્ષાત્ મહાદેવનું સ્વરૂપ છે. મહાદેવજી જેવી રીતે સૃષ્ટિના સંહારક છે તેવી જ રીતે ભગવાન વેદવ્યાસજીએ અજ્ઞાનનો નાશ કર્યો છે. વ્યાસજી એવા સંત છે કે જેમને લોકોની ચિંતા હતી કે આ સમાજ કેવી રીતે સુખી થાય!? આ સમાજ કેવી રીતે ભગવદ્ પરાયણ બને!? એટલે તેઓએ પોતાના જ્ઞાનથી જ સમાજને અજ્ઞાનતાના અંધારામાંથી જ્ઞાનના પ્રકાશ તરફ લઈ આવ્યા છે અને અજ્ઞાનનો નાશ કર્યો છે.

શ્રીમદ્ ભાગવતજીના પ્રથમ સ્કંધના ચોથા અધ્યાયમાં પ્રસંગ છે. - દેવર્ષિ નારદજી ભગવાન વેદવ્યાસજીના આશ્રમમાં આવે છે. વ્યાસજીનું મન અશાંત છે ત્યારે ભગવાન વેદવ્યાસજી દેવર્ષિ નારદજીને પૂછે છે કે, હે દેવર્ષિ! મેં વેદોનું વિભાજન કર્યું, મેં મહાભારતની રચના કરી તે છતાંપણ હજી કંઈક કરવાનું રહી જાય છે. હું શું કરું ? ત્યારે દેવર્ષિ નારદજી કહે છે કે, તમે ભગવાનના નિર્મળ યશોને ગાયા નથી. તેમ ભગવાનને કેન્દ્રમાં રાખી ભાગવત ભાખો અને એ શ્રીમદ્ ભાગવત વ્યાસજીએ રચ્યું. તો એ ભાગવત



વ્યાસજીની એવી પ્રસાદી છે કે જેનાથી પ્રત્યેક જીવો ભગવદ્ પરાયણ બન્યાં. દેવર્ષિ નારદજી અને વ્યાસજીને સત્સંગ ન થયો હોત તો ભાગવત પ્રાપ્ત ન થયું હોત. ભાગવત એ ભગવાન વેદવ્યાસજીની પ્રસાદી છે. સમાધિ ભાષામાં ભગવાન વેદવ્યાસજીએ શ્રીમદ્ ભાગવતજીની રચના કરી. ભાગવત માટે એમ કહી શકાય કે 'સમાધિ ભાષા વ્યાસસ્ય' વ્યાસજીની સમાધિ ભાષા છે. તે થકી વ્યાસજીએ આપણા ઉપર ઉપકાર કર્યો છે.

મહાભારતમાં ભગવાન વેદવ્યાસજીએ એક સિદ્ધાંત મુક્યો કે પ્રત્યેક મનુષ્ય જે કંઈ કરે તે ધર્મને કેન્દ્રમાં રાખીને કરે. ધન કમાય તો ધર્મને કેન્દ્રમાં રાખીને, સુખ ભોગવે તો ધર્મને કેન્દ્રમાં રાખીને. ભગવાન વેદવ્યાસજી મહાભારતમાં સમજાવે છે કે, 'યતો ધર્મ સ્તતો જય.' 'જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે. ધર્મ એ જ મનુષ્યનો સાચો મિત્ર અને સાચો બંધુ છે. ભગવાન વેદવ્યાસજી ૧૮ પુરાણોમાં બ્રહ્મવૈવર્તક પુરાણમાં વર્ણવે છે કે મનુષ્ય બીજું કંઈ ન કરે પણ શું કરવું ? તો કહે છે કે દેવ, ગુરુ અને બ્રાહ્મણ એમને નમસ્કાર કરવા. દેવ એટલે જે ભગવાન ઉપર તમને શ્રદ્ધા હોય એ ભગવાનનું નામ સ્મરણ કરવું. ગુરુનું સન્માન કરવું. કદાચ એવો પ્રશ્ન થાય કે અમારે કોઈ ગુરુ નથી તો અમે કોનું સન્માન કરીએ ? તો કહે છે કે, કૃષ્ણમ્ વંદે જગતગુરુમ્. ભગવાન એ આપણા ગુરુ છે. આ વાત, વ્યાસજી સુતજીના મુખે વૈવર્તક પુરાણના બ્રહ્મખંડમાં કહેવડાવે છે.

આપણા પુરાણો છે તો પ્રાચિન પણ અર્વાચિન સમસ્યાઓનું સમાધાન કરે છે અને એ વારસો જો કોઈએ આપ્યો હોય તો તે ભગવાન વેદવ્યાસજીએ આપ્યો છે. બદ્રિનાથમાં જઈ એમણે તપસ્યા કરી, પુરાણોની રચના કરી એટલે એમનું નામ પડ્યું. બાદરાયણ. યમુનાજીના દ્વિપમાં એમનું પ્રાગટ્ય થયું એટલે એમનું એક નામ પડ્યું કૃષ્ણ દ્વૈપાયન. પરાશર ઋષિના પુત્ર છે એટલે પારાશર્ય. ભગવાન ધર્મની સ્થાપના કરવા માટે વિવિધ-વિવિધ સ્વરૂપે અવતાર લે છે. જેમાં ભગવાનનો આ સત્તરમો અવતાર એ ભગવાન વેદવ્યાસજી સ્વરૂપે છે. અહીંયા ભગવાન વેદવ્યાસજી અને શુકદેવજી મહારાજ માટે મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યજી શ્રીમદ્ ભાગવતજીના પ્રથમ સ્કંધમાં એક ભાવ મુકે છે કે, ભાગવતની રચના ભગવાન વિષ્ણુએ કરી અર્થાત્ ભગવાન વિષ્ણુ જ વ્યાસજી બની પ્રગટ થયાં. ભાગવતનો પ્રચાર-પ્રસાર એ મહાદેવજીએ કર્યો. સ્વયં ભગાન શિવ શુકદેવજી મહારાજના સ્વરૂપે વેદ વ્યાસજીને ત્યાં પ્રગટ થયાં.

આમ, આપણા શાસ્ત્રોએ હરિ અને હર બન્નેનું એકત્વ સિદ્ધ કર્યું છે. શુકદેવજી મહારાજ ભગવાન વેદવ્યાસજીના ચરણોમાં બેસી ભાગવત ભણ્યા. શુકદેવજી મહારાજ એ નિર્ગુણને માનવાવાળા હતા પણ ભગવાન વેદવ્યાસજીના શિષ્યો પાસેથી ભાગવતજીના શ્લોક સાંભળી એમનું મન ભગવાન શ્રીકૃષ્ણમાં ખેંચાયુ અને પોતે ભાગવત ભણ્યા. તો આપણો વારસો, આપણી સંસ્કૃતિ જો કોઈએ ટકાવી હોય તો એ ભગવાન વેદવ્યાસજીએ ટકાવી છે. તો એ ભગવાન વેદવ્યાસજીના ઉપકારો યાદ કરીએ અને ધર્મ પરાયણ બનીએ.

- પ્રજ્ઞાચક્ષુ ડો. કૃણાલ જોષી

ભગવાન મહાવીર સ્વામી દીક્ષા કલ્યાણક દિવસ

શાશ્વત ગિરિરાજ શત્રુંજય મહાતીર્થ = અસહકાર આંદોલન શતાબ્દી વર્ષ

'ચાતુર્માસ તો પૂર્ણ થઈ ગયું... જાત્રા ગિરિરાજ શત્રુંજયની હજુ ચાલુ થઈ નથી.'

'હા, આમ તો દર વરસે કારતક સુદ-પૂનમે ચોમાસું પૂરું થતાં જ જાત્રા શરૂ થઈ જાય છે. પણ આ વખતે તો એના કોઈ એંધાણ દેખાતા નથી.'

'ચોમાસાના ચાર મહિના તો સમજ્યા, કે ચોમાસામાં જાત્રા ન કરવાની, વિહાર ન કરવાની પરંપરા-પ્રણાલિકા મુજબ ચાલી આવે છે. પણ આ વધારાનો અટકાવ તો આ વખતે જ આવ્યો છે.'

'સાચી વાત છે છેક એપ્રિલ મહિનાની પહેલી તારીખે શત્રુંજય તીર્થાધિરાજની યાત્રા પર પ્રતિબંધ લાગ્યો હતો, તે હજુ હટ્યો નથી. ખબર નહીં ક્યારે આ પ્રતિબંધ દૂર થશે ?'

'હું તો ભગવાનને રોજ પ્રાર્થના કરું છું,- હે ભગવાન ! જલ્દીથી આ મહાન તીર્થાધિરાજની યાત્રા શરૂ કરાવો. જેના કણ-કણમાં અનેતા સિદ્ધ આત્માઓની પવિત્રતાનો પરમસ્પર્શ થયેલો છે. જ્યાંથી અનેતા અનંત આત્માઓ મોક્ષપદને પામ્યા છે. એવા આ મહાન ગિરિરાજની સ્પર્શના જલ્દી થાય. તેવું કરજો.'

'મેં તો એવું સાંભળ્યું છે કે આ તીર્થયાત્રાના દ્વાર ખોલવામાં હજુ એક દોઢ વરસ વીતી જશે.'

'એ તો કેમની ખબર પડે ! આપણે તો સતત એ જ પ્રાર્થના કરતાં રહીએ કે આજે જ એના દ્વાર ખૂલી જાય.'

●●●

ગામે ગામ આવી અને આના જેવી અનેક પ્રકારની જાત-જાતની ને ભાતભાતની વાતો શત્રુંજય તીર્થાધિરાજ વિષયની ચાલી રહી છે.

વાત આમ બની છે ઇસ્વી સન ૧૯૨૬માં અર્થાત્ આજથી ૧૦૦ વર્ષ પૂર્વે શત્રુંજય તીર્થાધિરાજની યાત્રા કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો. બીજા કોઈ તરફથી નહીં, પણ જિનશાસન અગ્રણીઓ તરફથી આ યાત્રાનો નિષેધ કરવામાં આવ્યો હતો.

જેમ ચોમાસાના ચાર મહિના દરમ્યાન ચોક્કસ મુદત સુધી શત્રુંજયની યાત્રાનો નિષેધ પરાપૂર્વથી ચાલી આવી રહ્યો છે, તેમ આ અચોક્કસ મુદત સુધી શત્રુંજયની યાત્રાનો નિષેધ ઇસ્વીસન્ ૧૯૨૬ના ૧, એપ્રિલથી શરૂ કરવામાં આવ્યો હતો.

કારણ તે સમયના શત્રુંજયના રક્ષણહાર સત્તાધીશો.. શત્રુંજય મહાતીર્થનું રખોપું કરનારા પાલીતાણાના ઠાકોરની અન્યાયી માંગણી આ અસહકાર આંદોલનમાં નિમિત બની..

વર્ષો પૂર્વે શત્રુંજયની યાત્રાનો

આંખ છીપ, અંતર મોતી

આચાર્ય રાજહંસ

મુંડકાવેરો લેવાતો હતો. એટલે કે શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવા એમાં જેટલા માથા હોય એટલો ટેક્ષ. તાજું જન્મેલું બચ્ચું હોય તો તેનો પણ ટેક્ષ ત્યાંના રાજા ઠાકોરને ચૂકવવાનો. યાત્રિકો ત્રાસી જતા હતા, પણ દાદા આદિનાથના દર્શન કરવા મળતા હોય તો આ ત્રાસ પણ સહન કરી લેવા તેઓ તો તૈયાર થઈ જતા હતા. પણ આ યોગ્ય તો જ હતું.

આણંદજી કલ્યાણજી પેઢી, જે છેલ્લા ૩૦૦ વરસથી જિનશાસનની સેવા માટે તૈયાર છે. અને ૩૦૦ વરસથી અનેકાનેક તીર્થોનો વહીવટ સુચારૂરૂપે સંભાળી રહી છે. આ પેઢીના નેજા હેઠળ શાસનસેવક વીરચંદ રાઘવજી ગાંધીએ સમાધાન કરાવડાવ્યું હતું. અને એમાં એક કરાર પણ કરાવડાવ્યો હતો. જેની મુદ્દત ઇસ્વીસન ૧૯૨૬માં પૂરી થઈ જતી હતી. એટલે કે ૧૯૨૬ પછી ઠાકોરે સંઘ પાસે યા પેઢી પાસે કાંઈ લેવાનું નહી. પણ તે છતાં ઠાકોરે અંગ્રેજ ગર્વનમેન્ટ આગળ ચાલુ રકમમાં (જે રકમ તેમને તે વખતે સંઘ-પેઢી તરપથી મળતી હતી) વધારો કરવા માંગણી કરી.

આથી સંઘ અને ઠાકોર વચ્ચેનો સંબંધ વધુ બગડવા માંડ્યો. હવે કંઈક નવું પગલું ભરવું જરૂરી હતું. તેથી તે સમયે વિદ્યમાન શાસનસમ્રાટ આચાર્ય શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજની આગેવાની હેઠળ શ્રમણસંઘ સહિત ચતુર્વિધ સંઘની શુભેચ્છાઓ સાથે આણંદજી કલ્યાણજી પેઢીએ એક મોટા અણગમા સાથે પણ એક નિર્ણય લીધો.

' જ્યાં સુધી આ અન્યાયી રિવાજ બંધ ના થાય, ત્યાં સુધી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવા કોઈએ જવું નહીં.'

આનો અપૂર્વ જબરદસ્ત સહકાર મળ્યો. ૧ એપ્રિલ,૧૯૨૬ના રોજ આ અસહકાર આંદોલન શરૂ થયું. બે વરસ સુધી આવા મહાન તીર્થની આવા મહાન આશયથી આવા મહાન પુરુષોના આશીર્વાદથી યાત્રા સ્થગિત રહી.

અત્યારે આ વરસ આ 'અસહકાર'નું શતાબ્દી વર્ષ છે.

કદાચ ઇતિહાસની આવી પ્રથમ ઘટના હશે.

પ્રભાવના

જગતના આનંદ અને કલ્યાણની ભાવનાથી પ્રગટ થયેલ પેઢી 'શ્રી આણંદજી કલ્યાણજી પેઢી' એ ભારતભરના તમામ જૈનોની એક સામૂહિક અગ્રણી પેઢી છે. એ કોઈ ગચ્છની નહીં, પણ સકલ સંઘની છે. એ કોઈની પ્રતિપક્ષી નથી અને એની પણ કોઈ પ્રતિપક્ષી નહિ. આજે આ પેઢીને પ્રગટ થયાને ૩૦૦ વરસ થઈ ચૂક્યા છે.

લેખિત સ્વરૂપમાં આ પેઢીનું પ્રાગટ્ય વર્ષ છે- ઇસ. ૧૭૩૧ (વિક્રમ સંવત-૧૭૪૭)... પાંચ વરસ પછી આ પેઢીની ત્રીજી પ્રાગટ્ય શતાબ્દી આવશે. તીર્થોનું રક્ષણ, શાસનની ઉન્નતિ, શાસન-સુરક્ષા આદિ અનેકવિધ કાર્યો આ પેઢી સુચારૂરૂપે સંભાળે છે.

શક્તિ અલ્પ હોય તેથી શું? પ્રભુભક્તિની ભાવના તો ઉત્કૃષ્ટ છે!

ભક્તિરસથી છલકાતા આ શ્રી ભક્તામર સ્તોત્રમાં આચાર્યશ્રી માનતુંગસૂરિજી મહારાજે પ્રભુભક્તિની અખંડ ધારા વહેવડાવી છે. ધારાનગરીના રાજા ભોજને જૈનદર્શનનાં પ્રભાવને બતાવવા માટે પદ્માસનમાં બેસીને અંતરના ઊંડાણથી એમણે આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરી છે. અહીં એમનો ભક્તિભાવ આ જુદાં જુદાં સ્તોત્રરૂપી પુષ્પોમાં દૃષ્ટિગોચર થાય છે અને એને એમણે

આકાશની ઓળખ

કુમારપાળ દેસાઈ

એક માળામાં ગૂંથીને એની પ્રસ્તુતિ કરી છે.

અહીં એ પ્રસંગ યાદ આવે, ભક્ત સૂરદાસ કૂવામાં પડી ગયા અને સ્વયં શ્રીકૃષ્ણ અંધ ભક્તનો હાથ ઝાલીને એમને કૂવામાંથી બહાર લાવ્યા. એ પછી શ્રીકૃષ્ણ અંતર્ધાન થવા એમનો હાથ છોડીને જવા લાગ્યા, ત્યારે ભક્ત સૂરદાસે કહ્યું, ''મારો હાથ છોડીને ભલે જાવ, પણ મારા હૃદયમાંથી છૂટવાની તમારી તાકાત નથી.'' આ છે ભક્તિનું બળ અને એ ભક્તિનું બળ જ ભક્ત પાસે અસાધારણ કાર્ય કરાવે છે. સામાન્ય દૃષ્ટિએ જે અશક્ય હોય, એને શક્ય કરે છે.

શ્રી ભક્તામર સ્તોત્રના રચયિતા આચાર્ય શ્રી માનતુંગસૂરિજીએ જોયું કે જે ભગવાનની સ્તુતિ કરવા માટે સ્વયં બૃહસ્પતિની બુદ્ધિ પણ નિષ્ફળ ગઈ છે અને માનવલોકમાં કે સૂરલોકમાં કોઈ અનંતગુણના સ્વામી એવા આદિનાથ ભગવાનના ગુણોનું વર્ણન કરી શક્યા નથી. ત્યાં એમનાં ગુણવર્ણન કરનાર પોતે વળી કોણ ? તર્ક અને બુદ્ધિથી વિચારતા તેઓ એવા તારણ પર આવ્યા કે પ્રભુભક્તિ કરવી એ અત્યંત વિકટ કાર્ય છે. તેઓ તાર્કિક રીતે આ તારણ આપે છે, પરંતુ બુદ્ધિની સીમા પછી પણ એક પ્રદેશ છે, જ્યાં વ્યક્તિ ઉત્કટ પ્રેરણા, પ્રબળ આવેગ અને અતૂટ શ્રદ્ધાને આધારે અશક્યમાં ઝંપલાવે છે.

અહીં કોઈ દાખલા-દલીલોભરી વિચારણા હોતી નથી, અહીં હકીકત કે વાસ્તવિકતા પર જ માત્ર આધાર રાખવામાં આવતો નથી, પરંતુ જેમ દૃષ્ટિને પાર એક જગત છે, એ જ રીતે તર્કને પાર પણ એક દુનિયા છે.

શ્રી ભક્તામરસ્તોત્રના ચોથા શ્લોક સુધી તો સ્તુતિકારે પરમાત્માની ભવ્યતા અને પોતાની અલ્પતા વચ્ચેની પૂરી ન શકાય તેવી ખાઈ જ દર્શાવી, પરંતુ હવે પ્રબળ ભક્તિના બળે એ ખાઈને પાર કરવાનો સૂરિજી સંકલ્પ કરે છે. ભક્તામર સ્તોત્રના પાંચમા શ્લોકમાં પોતાના ભક્તિસામર્થ્યને મનોરમ રીતે અને માર્મિકતાથી પ્રગટ કરતા શ્રી માનતુંગાચાર્ય કહે છે.

''સઃ અહં તથાપિ
તવ ભક્તિવશાત્ મુનીશ
કર્તું સ્તવં સ્વગત શક્તિં અપિ પ્રવૃત્તઃ।
પ્રીત્યા આત્મવીર્યમ્ અનિવાર્ય
મૃગી મૃગેન્દ્રમ્
નાભ્યેતિ કિમ્ નિજ શિશોઃ
પરિપાલનાર્થમ્ ॥''

આનો અર્થ એ છે કે, ''હે મુનીશ્વર ઋષભદેવ! આવી રીતે હું શક્તિવિહીન છું, છતાં આપના પ્રત્યેની મારી ભક્તિથી પ્રેરાઈને આપનું સ્તવન રચના માટે તત્પર બન્યો છું. શું નિર્બળ એવી હરિણી પોતાની શક્તિનો વિચાર કર્યા વગર પોતાના બાળક પરની પ્રીતિને લીધે તેનુ રક્ષણ કરવા માટે સિંહનો સામનો નથી કરતી ?''

આ શ્લોકનો પ્રથમ શબ્દ 'સો અહં' છે. એક અર્થમાં કહીએ તો અહીં 'કો અહં'માંથી 'સો અહં'ની યાત્રા જોવા મળે છે. પ્રથમ આચાર્યશ્રીને 'કો અહં' એવી જિજ્ઞાસા જાગે છે. 'હુ કોણ છું ?' એ પ્રથમ ભાવ છે અને પછી એ જિજ્ઞાસા સાધનામાં પરિવર્તીત થતાં એ 'સો અહં'ના રૂપમાં સાકાર થાય છે. એ સાકાર થવાની પાછળ ભક્તિનો પ્રબળ આવેગ છે. આ ભક્તિને કારણે જ પ્રભુની સ્તુતિ કરવા માટે બાથ ભીડે છે. એક અર્થમાં એ સ્વયં શક્તિહીન છે. આ કાર્ય કરવાની ક્ષમતાની બાબતમાં એમની મર્યાદાઓથી અવગત છે. પરંતુ એમની પાસે એક અન્ય શક્તિ છે અને એ ભક્તિની શક્તિને આધારે તેઓ આ કાર્ય પાર પાડવા ઉત્સુક બન્યા છે. ગમે તેવું કપરું કઠિન, મુશ્કેલ કે ગજા બહારનું કામ હોય, પરંતુ પ્રભુભક્તિની શક્તિને કારણે એ કાર્ય સિદ્ધ કરવા યત્નશીલ છે.



શ્રી ભક્તામરસ્તોત્રના ચોથા શ્લોક સુધી તો સ્તુતિકારે પરમાત્માની ભવ્યતા અને પોતાની અલ્પતા વચ્ચેની પૂરી ન શકાય તેવી ખાઈ જ દર્શાવી, પરંતુ હવે પ્રબળ ભક્તિના બળે એ ખાઈને પાર કરવાનો સૂરિજી સંકલ્પ કરે છે

શક્તિ અલ્પ હોય તેથી શું ? ભક્તિની ભાવના તો ઉત્કૃષ્ટ છે અને એવી અનન્ય ભક્તિને કારણે જ પોતાના અસામર્થ્યને અળગું કરીને તેઓ પ્રભુગુણ ગાવા ઈચ્છે છે. એક બાજુ તર્ક, વાસ્તવ અને બુદ્ધિ છે, તો બીજી બાજુ પ્રભુ પ્રીતિ, શ્રદ્ધા અને ભક્તિ છે. બુદ્ધિ કે શક્તિ ઓછી હોય તેથી શું ? હું તો આપની ભક્તિ અને શ્રદ્ધાને આધારે સ્તુતિ કરીશ. પોતાની અલ્પતા ભલે હોય, પરંતુ ભાવમાં લેશમાત્ર અલ્પતા નથી, આથી જ ક્ષમતાહીન, અસમર્થ અને શક્તિહીન હોવા છતાં સ્તુતિકાર ભક્તિથી પ્રેરાઈને સ્તોત્ર-રચના કરવા તત્પર બન્યા છે.

આ શ્લોકમાં પ્રયોજાયેલા શબ્દોમાં અતિ ગહન મર્મ છૂપાયેલો છે. જ્યાં સોહમની વાત છે ત્યાં અહમ્ આથમી ગયો હોય છે અને આથી જ અહીં પૂર્ણ સમર્પણ દાખવતો 'તવ' શબ્દનો વિશિષ્ટ પ્રયોગ જોવા મળે છે.

ભક્ત ભગવાનને ખોંખારીને કહેતો હોય છે કે 'હું ગમે તેવો હોઉં, તો પણ તારો છું' અને 'તારો છું' એનો અર્થ કે તારા પ્રત્યે પૂર્ણ સમર્પણશીલ એવો હું છું. 'હું તારો છું' કહેવામાં ભક્તની દૃઢતા અને ખમીર પ્રગટતાં હોય છે. શ્લોકના પ્રથમ ત્રણ શબ્દો 'સઃ અહં તથાપિ તવ'માં સ્તુતિકાર કહે છે કે હું ભલે અસમર્થ કે ક્ષમતાહીન હોઉં, પરંતુ તને પૂર્ણ સમર્પણશીલ એવો તારો જ છું. આમ આચાર્યશ્રી એક બાજુ પોતાની જાતની અશક્તિ જુએ છે, પોતાની મર્યાદાઓ નીરખે છે, સ્વની આલોચના કરે છે, પરંતુ સાથોસાથ પરમાત્માને 'હું તારો છું' કહીને પોતાની દૃઢ અને સમર્પણશીલ ભક્તિની શક્તિ બતાવે છે. પોતાની અશક્તિ અને ભક્તિની શક્તિ એમ બંને ભાવ આ ત્રણ શબ્દોમાં ગૂંથાઈ ગયા છે. આથી જ 'તવ ભક્તિવશાત્' શબ્દમાં ભક્તિને આધીન બનેલા આચાર્યશ્રીની છબી જોવા મળે છે. 'તારી ભક્તિ આધીન બની, તારા વિશિષ્ટ પરમાર્થ ભાવથી પ્રભાવિત થયેલો હું તારો ભક્ત છું.' પ્રબળ ભક્તિઆવેગ સાથે સ્તુતિકાર કહે છે. ''તવ સ્તવં કર્તું પ્રવૃત્તઃ'' અર્થાત્ 'તારું સ્તવન કરવા હું પ્રવૃત્ત થયો છું. પણ કઈ રીતે ? સઘળી સાંસારિક અવસ્થાઓ ત્યાગીને પોતે આને માટે તત્પર બન્યા છે. અહીં 'વૃત્ત' શબ્દ પ્રયોજાયો છે. વૃત્ત એટલે અવસ્થા 'હું તારા સ્વરૂપમાં એકરૂપ બનીને મારા સ્વ-રૂપને પ્રગટ કરું છું.'

આ ગાથામાં ક્રમશઃ ભક્તિ, શક્તિ અને પ્રીતિ શબ્દનો થયેલો પ્રયોગ પણ આચાર્યશ્રીની ગહનદૃષ્ટિનો અણસાર આપે છે. (ક્રમશઃ)

સિંહની જેમ દીક્ષા લઈ સિંહવૃત્તિથી સંયમ પાળતા આત્માઓને અભિનંદન

પ્રભાતના પુષ્પો

ગુણવંત બરવાળિયા

સંયમજીવનનું પાલન કરનાર આત્માઓના પ્રકારની ભગવાન મહાવીરે બતાવેલી ચૌભાંગીના ત્રીજા ભાગની આપણે વિચારણા કરીએ. શેઠને ત્યાં એક ચાકર કામ કરે. શેઠને ત્યાં મુનિ ગોચરી માટે પધારે છે. શેઠ ખૂબ ભક્તિભાવથી મુનિને ઘેવર વહોરાવે છે. તાજી સુગંધી ઘેવર જોઈને ચાકરનું મન લલચાય છે. ચાકર મુનિની પાછળ પાછળ ઉપાશ્રયમાં જાય છે. ગુરુજી પૂછે છે, 'ભાઈ, તું કેમ આવ્યો ?' ચાકર કહે, 'ઘેવર ખાવાની મારી તીવ્ર ઇચ્છા છે.' જ્ઞાની ગુરુ વિચારે છે, 'આ જીવ સરળ અને ભદ્રપરિણામી છે. વૈરાગ્યભાવ નથી, માત્ર ઘેવરની ઇચ્છા છે. ધર્મબોધ આપતાં આ જીવ ઉત્કૃષ્ટ તપસ્વી પણ બની શકે.' ગુરુ કહે, 'જો તું સાધુ બની જાય તો અમે તને ઘેવર આપી શકીએ. તું મનોવાંછિત ભોજન પણ પ્રાપ્ત કરી શકે. શર્ત માત્ર સાધુ બનવાનું છે.' ઘેવરના લોભથી આ સાધુ બનેલ ચાકરના જીવનમાં સ્વાધ્યાય અને ગુરુના ઉપદેશથી પરિવર્તન આવે છે. વાતાવરણના પ્રભાવથી આ ઘેવરિયા મુનિ ઉત્કૃષ્ટ તપસ્વી બની જાય છે.

ચૌભાંગીના ત્રીજા ભાગમાં લખ્યા પ્રમાણે, 'શિયાળવૃત્તિ ખાવાની લાલચથી દીક્ષા લેનાર સિંહવૃત્તિથી દીક્ષાનું પાલન કરી જ્ઞાન પ્રાપ્ત કરી પોતાના જીવનનું ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરી લે છે, આવા આત્માઓ ધન્ય છે.

દશવૈકાલિક સૂત્રમાં પ્રભુએ ફરમાવ્યું છે કે, જેને સંયમમાં રસ આવ્યો અને જે સંયમજીવનમાં સ્થિર થઈ ગયેલ છે. તેને તો સંયમજીવન સ્વર્ગનાં સુખોથી પણ અદકેરું લાગે છે અને સંયમજીવનમાં જે સ્યુત થયેલ છે તેને માટે જીવન નર્કના દુઃખની ભારે વેદના સમાન છે.

ચૌભાંગીના ચોથા ભાંગામાં જેનામાં ઉત્થાનની લગીરે પાત્રતા નથી, એવા પુરુષની વાત કહી છે.

શિયાળવૃત્તિથી દીક્ષા લે અને શિયાળવૃત્તિથી જ દીક્ષાનું પાલન કરનારની વાત કરી છે. એક યુવાન મહાત્મા પાસે જાય. ત્યાં રોજ મિષ્ટાન્ન પકવાન ભોગ ચડતા જોઈ તેને ચેલો બની ગયા અને પછી ખૂબ મિષ્ટાન ખાય અને રાત'દિ સૂતો રહે.

ગુરુજીએ કહ્યું, 'ભાઈ, ભોજન તો ખૂબ કર્યું.હવે થોડું ભજન કર.' ચેલો કહે, 'ભજન શું કામ કરવું ?' ગુરુજી કહે, 'મોક્ષની પ્રાપ્તિ માટે.' ચેલો કહે,'મોક્ષમાં શું મળશે ?'

ગુરુજી કહે, 'મોક્ષમાં આનંદ આનંદ છે. મોક્ષમાં અનંત સુખ છે.'

''ખાવા માટે ખીચડી, ઓઢવા માટે સોડ;
ચેલો ગુરુજીન પૂછતો, મોક્ષમાં આથી શું વિશેષ ?''

ખાવા માટે ઘીમાં ફીણેલી ખીચડી, ઠંડીમાં ઓઢવા રજાઈ મળી જાય તો આનંદ છે. મોક્ષમાં આથી વિશેષ શું છે ? ચેલાએ પૂછ્યું, ગુરુજી કહે, 'મોક્ષમાં તો ભાઈ પરમાનંદ છે.' ચેહો કહે, 'ગુરુજી, મને તો આવું જ મોક્ષ જોઈએ. તમે પરમાનંદવાળું મોક્ષ મેળવો, મારે નથી જોઈતું.' ગુરુજી શું બોલે ? આ થઈ શિયાળવૃત્તિની વાત.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ વૈરાગીને દીક્ષા આપતાં પહેલાં પાંચથી સાત વર્ષ સુધી સંયમજીવન જીવવાની તાલીમ-ટ્રેઇનિંગ મળે તેવી વ્યવસ્થા કરે છે. જે મુમુક્ષુને સંસાર ત્યાગી સંયમમાર્ગે જવું હોય તેને શાસ્ત્રોનો અભ્યાસ, પ્રાકૃત, સંસ્કૃત, ઇંગ્લિશ આદિ ભાષાઓનું જ્ઞાન મળે. પાદવિહાર અને કેશલુંચનનો અનુભવ મળે. ઉપરાંત સાધુની સમાચારીનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરાવે છે, વૈયાવચ્ચ તપસ્યા અને વક્તૃત્વમાં પારંગત કરાવે છે. એટલું જ નહીં, પણ દીક્ષાદાન દેતાં પહેલાં વૈરાગી મુમુક્ષુ તેના માતા-પિતા, સંપ્રદાયના વરિષ્ટ અને મહાસંઘ કે કોન્ફરન્સ જેવી મહાજન સંસ્થાની સંમતિ પ્રાપ્ત કર્યા પછી જ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં દીક્ષાદાન દે છે.

શિયાળવૃત્તિથી દીક્ષા લઈ પ્રભુના વચનોમાં શ્રદ્ધાન્વિત થઈ જ્ઞાન પ્રાપ્ત કરે તો શિયાળવૃત્તિથી મુક્ત થઈ ભીતરમાં સૂતેલા સિંહને જાગૃત કરી સિંહત્વના પરાક્રમની અનુભૂતિ કરી શકે. સિંહની જેમ દીક્ષા લઈ સિંહવૃત્તિથી સંયમ પાળતા આત્માઓને અભિવંદના કરીએ.

તાજેતરમાં દીક્ષા અંગીકાર કરનાર મહાન આત્માઓને વંદન.

શિયાળવૃત્તિથી દીક્ષા લઈ પ્રભુના વચનોમાં શ્રદ્ધાન્વિત થઈ જ્ઞાન પ્રાપ્ત કરે તો શિયાળવૃત્તિથી મુક્ત થઈ ભીતરમાં સૂતેલા સિંહને જાગૃત કરી સિંહત્વના પરાક્રમની અનુભૂતિ કરી શકે

"હૃદયસ્થ સંત : પૂજ્ય ડોંગરેજી મહારાજને ભાવાંજલિ"

કળિયુગમાં ભક્તિની અખંડ જ્યોત જગાવનારા પૂજ્ય ડોંગરેજી મહારાજ ત્યાગ, તપસ્યા અને ભાગવત પ્રેમનો ત્રિકોણી સંગમ સ્વરૂપે હતા. શબ્દબ્રહ્મના પરમ ઉપાસક તથા ભાગવત કથામૃતના સાક્ષાત કલ્પવૃક્ષ સમાન હતા



તેઓ ભગવાન શ્રીકૃષ્ણને હેતથી 'મારો લાલો' કહીને સંબોધતા હતા. જેથી શ્રોતાઓના હૃદયમાં એવી દિવ્યતા ઝંકૃત થતી, જે શબ્દોમાં વર્ણવી શકાતી નથી. તેમની મૃદુ અને હૃદયસ્પર્શી વાણી આધ્યાત્મિકતાના માર્ગ તરફ દોરી જતી હતી

ભારત ભૂમિ એ પવિત્ર, દિવ્ય, ભવ્ય અને આધ્યાત્મિક ચેતનાનો વહેતો જીવંત ધબકાર છે. સ્વયં પરમાત્માએ આ ભૂમિ પર અવારનવાર અવતાર ધારણ કરીને ભારત ભૂમિની ભવ્યતાને દિવ્યતા અર્પી છે. ઋષિમુનિઓએ, સાધુસંતોએ અને મહાત્માઓએ આ પાવન ધરા પર અનેક ભગવદ્ કથાઓ, આધ્યાત્મિક વ્યાખ્યાનો અને પુનિત પ્રવચનો દ્વારા પરોપકારના અને માનવકલ્યાણના માર્ગને શ્રેષ્ઠ રીતે કંડારેલો છે. આ બાબત જ આ ધરાની ધન્યતા અને રમ્યતા છે. આ જ દિવ્ય સંત પરંપરાના એક નિ:સ્વાર્થ, તેજસ્વી, ત્યાગશીલ અને પરોપકારી વિભૂતિ એટલે પ્રાત: વંદનીય પૂજ્ય સંત શ્રી ડોગંરેજી મહારાજ. આ સંત વિભૂતિનું પ્રાગટ્ય સંવત ૧૯૮૨- ફાગણ સુદ ત્રીજને સોમવાર તા.૧૫-૦૨-૧૯૨૬ના રોજ મધ્ય પ્રદેશના ઇન્દોર શહેરમાં માતા કમલાતાઈ અને પિતા કેશવ ડોંગરેના પરિવારમાં થયું હતું. તે બાળપણથી જ આધ્યાત્મિક રંગે રંગાયેલા હતા. તેમનું સમગ્ર જીવન પ્રેમ, કરુણા, કૃતજ્ઞતા, ત્યાગ, વૈરાગ્ય, શીલ, સંયમ, સાદગી, ઔદાર્ય અને અનુકંપા જેવા ઉચ્ચ મૂલ્યોથી વિભૂષિત હતું. કળિયુગમાં ભક્તિની અખંડ જ્યોત જગાવનારા પૂજ્ય ડોંગરેજી મહારાજ ત્યાગ, તપસ્યા અને ભાગવત પ્રેમનો ત્રિકોણી સંગમ સ્વરૂપે હતા. શબ્દબ્રહ્મના પરમ ઉપાસક તથા ભાગવત કથામૃતના સાક્ષાત કલ્પવૃક્ષ સમાન હતા.

પૂજ્ય ડોંગરેજી મહારાજના મુખના દર્શન માત્રથી જ એક અલૌકિક અને દિવ્ય તેજની અનુભૂતિ થતી હતી. અનન્ય કૃષ્ણભક્તિમાં સદૈવ લીન રહેનાર પૂજ્યશ્રીએ આશરે ૧૧૦૦ થી વધુ કથાઓ કરી હતી. કથાનું રસપાન કરાવતી સમયે તેઓ સ્વયં શ્રીકૃષ્ણમય બની જતા કે સૌની આંખો ભીની થઈ જતી. તેમનું મન અખંડપણે શ્રીકૃષ્ણના ચરણોમાં સમર્પિત અને એકાગ્ર રહેતું હોવાથી તેઓ સાચા અર્થમાં મહાન અંત:દ્રષ્ટા સંત હતા. સંસારની મોહમાયાથી સંપૂર્ણપણે અલિપ્ત હતા. તેમનું મન અખંડપણે શ્રીકૃષ્ણના ચરણોમાં સમર્પિત અને એકાગ્ર રહેતું હોવાથી તેઓ સાચા અર્થમાં મહાન અંત:દ્રષ્ટા સંત હતા. સંસારની મોહમાયાથી સંપૂર્ણપણે અલિપ્ત હતા. તેમનું જીવન સાદગીપૂર્ણ અને પવિત્ર હતું. તેઓ હંમેશાં સાત્વિક ભોજન લેતા, પોતાની રસોઈ જાતે જ બનાવતા. ધન-વૈભવથી તદ્દન અલિપ્ત હતા. તેમનો ઉદ્દેશ માનવસેવાનો હતો. કથા દ્વારા જે કાંઈ રકમ એકઠી થતી તે સમગ્ર રકમ ગૌશાળા, અન્નક્ષેત્ર, હોસ્પિટલ નિર્માણકાર્ય, કુદરતી આપત્તિના રાહતકાર્ય માટે, શાળા-કોલેજો શરૂ કરવા અને લોકકલ્યાણના કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવતી હતી. તેમણે વેદો, પુરાણો, ઉપનિષદો સહિત અનેક ધર્મશાસ્ત્રોનું ઊંડું અધ્યયન કર્યું હતું. તેઓ ભગવાન શ્રીકૃષ્ણને હેતથી 'મારો લાલો' કહીને સંબોધતા હતા. આ શબ્દ સાંભળતાં જ શ્રોતાઓના હૃદયમાં એવી દિવ્યતા ઝંકૃત થતી, જે શબ્દોમાં વર્ણવી શકાતી નથી. તેમની પ્રેમાળ, મૃદુ અને હૃદયસ્પર્શી વાણી જનસમાજને આધ્યાત્મિકતા અને પરમાર્થના માર્ગ તરફ દોરી જતી હતી. તેમની કથાનું રસપાન કરનારા શ્રોતાઓના અંત:કરણમાં આનંદ પ્રગટતો હતો. મન શુદ્ધ અને નિર્મળ બની જતું. તેમની દિવ્ય તથા પ્રભાવક વાણીમાં ભક્તિનું અમૃત વહેતું હતું. તેમની વાણીમાં વૈકુંઠના અને હૃદયમાં 'લાલા'ના (શ્રીકૃષ્ણના) દર્શન થતાં હતાં. પૂજ્યશ્રી સંબોધતા કે 'ભગવાન જે કરે છે તે જીવના કલ્યાણ માટે જ કરે છે, મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે, બીજાની નિંદા કરવાથી પોતાના પુણ્યનો નાશ થાય છે, ધનનો સંગ્રહ નહીં, પરંતુ તેનો સદુપયોગ જ સાચું સુખ આપે છે, માતા-પિતાની સેવા એ જ સાચી તીર્થયાત્રા છે, કુસંગથી બચવું અને સત્સંગ કરવો એ જીવનની સૌથી મોટી જરૂરિયાત છે, ક્રોધ અને અહંકારનો ત્યાગ કરવો, કળિયુગમાં ભગવાનનું નામસ્મરણ જ ભવસાગર પાર ઉતારનારું છે. સંતોષ એ જ સાચું ધન છે, જીભ પર સંયમ રાખવો, કમાણી પવિત્ર તથા શુદ્ધ રાખવી, જીવ માત્ર પ્રત્યે દયાભાવ રાખવો.' આ પૂજ્યશ્રીના દિવ્યામૃતો માનવજાતની ઉન્નતિ તથા મુક્તિ માટે દીવાદાંડીરૂપ છે.

અંતમાં કહીએ તો પૂજ્યશ્રી જણાવતા કે 'કથા આનંદ માટે નથી, પરંતુ આત્મકલ્યાણ અર્થે છે.' તેઓ કળિયુગના શુકદેવજી તરીકે ઓળખાતા હતા. તેમણે કૃષ્ણકથાને સમગ્ર ભારત અને ગુજરાતના ખૂણે ખૂણે પ્રસરાવી હતી. તેમની કથામૃતનો આનંદ માણનાર માનવના હૃદયમાં ભગવાન પ્રત્યે પ્રેમ જાગૃત થઈ જતો અને વ્યક્તિ ભક્તિરસમાં ડૂબી જતી. આજે પણ હરકોઈ માનવના હૃદયમાં તેમની અમૃતવાણી જીવંત છે. તા.૦૮-૧૧-૧૯૯૦, ગુરુવાર, વિક્રમ સંવત ૨૦૪૭, કારતક વદ છઠ ના રોજ શ્રીકૃષ્ણ શરણ થયા હતા. પૂજ્યશ્રીની ઇચ્છાનુસાર, તેમના નશ્વર દેહને માલસર ખાતે પવિત્ર નર્મદા નદીના પ્રવાહમાં જળ સમાધિ આપવામાં આવી હતી. તેમની પૂણ્યતિથિએ આ મહાન સંતને કોટિ કોટિ પ્રણામ.

- દિનેશ એલ. જોષીપુરા

આશીવાર્દના દીવડા કદી બુઝાતા નથી

આશીર્વાદના દીવડામાં રહેલું તેજ તથા પ્રકાશ અનોખો જ હોય છે. આશીર્વાદના દીવડા અવિચલ, અવિનાશી તથા અહર્નિશ હોય છે, તે કદી બુઝાતા નથી

દીવડા માટીનાં કોડિયામાં હોય કે ધાતુના, તેનો પ્રકાશપુંજ બધે જ રેલાય છે. દીવા તળે ભલે અંધારું હોય પરંતુ દીવો જ્યાં પ્રગટે છે ત્યાં પ્રકાશ રેલાવી દે છે. ક્યારેક પવન સામે પણ ઝઝુમે છે. દીવામાં તેલ હોય ત્યાં સુધી પ્રકાશ રેલાતો રહે છે.

દીવડાના વિવિધ પ્રકારો છે. દીવામાં, માટીના ગરબામાં, આરતીમાં બધે જ દીવો પ્રગટાવી શકાય છે. દીવડાનો ઝગમગાટ લાંબો સમય હકારાત્મક દૃષ્ટિકોણ આપે છે. તેમાંય આશીર્વાદના દીવડા ભળે તો સોનામાં સુગંધ ભર્યા બરોબર કહેવાય. આશીર્વાદ વડીલોના, મા-બાપના કે ગુરુના જ હોય તેવું નથી. નાની બહેન, મોટા ભાઈને રક્ષાબંધનના દિવસે લાગણીસભર આશીર્વાદ આપે જ છે. બહેનના અંતરના આશીર્વાદ ફળીભુત થાય છે.

ઘણાં મંદિરોમાં અખંડ દીપ પ્રગટાવવામાં આવે છે. તો ગાયત્રી પરિવાર દીપયજ્ઞ કરીને મા ગાયત્રીની ઉપાસના કરે છે. દીવડાના અજવાળાં થકી અંતરમાં પણ ઉજાસ ફેલાય છે. અવધૂતના આશીર્વાદ પણ અમર હોય છે. આત્માના અજવાળાં થકી નીકળેલા આશીર્વાદ અનુપમ હોય છે.



હૃદયના આશીર્વાદ અભય બનાવે છે. મનના ગાઢ પ્રદેશમાંથી કે અંતરની ઉર્મિમાંથી પ્રગટેલા આશીર્વાદ અપ્રતિમ તથા અનન્ય હોય છે. ઘણીવાર આશીર્વાદને કારણે અપ્રાપ્ત વસ્તુ પણ પ્રાપ્ત થઈ જાય છે. આશીર્વાદની આવકમાં કદી નફો કે નુકશાન આવતું નથી. આશીર્વાદના દીપકનો અરૂણોદય મનના મેદાનને રોમાંચિત કરે છે.

આશીર્વાદના દીવડામાં રહેલું તેજ તથા પ્રકાશ અનોખો જ હોય છે. આશીર્વાદના દીવડા અવિચલ, અવિનાશી તથા અહર્નિશ હોય છે, તે કદી બુઝાતા નથી. અજ્ઞાનરૂપી અંધારાને આશીર્વાદરૂપી અજવાળું દુર કરે છે. આશીર્વાદના દીપક જ્ઞાનની અટારીએ લઈ જાય છે. દીપમાળામાં જેમ જ્ઞાનની અટારીએ લઇ જાય છે. દીપમાળામાં અસંખ્ય દીવડા હોય છે. તેમ આશીર્વાદ રૂપી દીવડા ગણી શકતા નથી. હૃદયની ઉર્મિઓ તથા સ્પંદનો આત્માના દીવડાને પણ ઝંકૃત કરે છે. આવો આપણે પણ દીવડાના મહત્ત્વને સમજીને આશીર્વાદના દીવડા પ્રગટાવી જીવનને પ્રકાશિત કરીએ, અને તે જ સાંપ્રત સમયની ચાવી છે.

- ભરત અંજારિયા

સંતવાણી

કબીરા સોકર ક્યા કરો,
જાગો, જપો મોરારી,
એક દિન હે તો સોવના,
લંબે પાંવ પસારી,
કબીર સાહેબ કહે છે,
જ્યાં સુધી આ દેહમાં
ચેતન છે, જીવ છે,
ત્યાં સુધીમાં જાગી જાવ.

સુતા રહીને શું કરશો? આ શરીરમાંથી જીવ જતો રહેશે ત્યારે દેહ લાંબા પગ કરી અચેતન અવસ્થામાં પડ્યો હશે, માટે જીવન છે ત્યાં સુધીમાં જાગી, હરિભજન કરી લેવું. 'તુલસી યે તન ખેત હૈં, મન કર્મ વચન કિશાન, પાપ, પુન્ય દો બીજ હે બોયે સો લેહુ નિદાન.

- સંત તુલસીદાસ કહે છે આ શરીર ક્ષેત્ર (ખેતર) છે. તેમાં મન-કર્મ અને વચન, દ્વારા ખેતી થાય છે. તેથી મન-કર્મ-વચન કિશાન કહેવાય છે. પાપ અને પુન્યરૂપિ બે બીજ છે. જેનું આ ખેતરમાં વાવેતર થાય છે. જેવા કર્મ કરીશું તેવું તેનુ ફળ પામશું.

- એક હિ, સાધ્યો સબ સાધ્યો, સબ સાધ્યો સબ જાય, રહિમન મુલ હિ સિંચીયો, ફૂલો, ફૂલોસધાય.

- સંત રહિમન કહે છે, મુળ તત્ત્વ તે આત્મતત્ત્વ તેને ઓળખી લીયો, આત્માની ઓળખ કરી લ્યો, તેને જાણ્યા પછી કાંઇ જાણવાનું રહેતું નથી, જેમ કે વૃક્ષના મુળમાં પાણી પાવાથી તેની ડાળીયો, ફુંપણ વિગેરેને પોષણ મળે છે, ને વૃક્ષ, નવપલ્લીત થાય છે. બસ આમ જ કંઈક, ઘણું બધુ જાણ્યુ, પણ આત્મ તત્ત્વની પીછાણ ન થઈ, તો બધું જ એળે, 'આત્મતત્ત્વની ઓળખ એ જ પરમતત્ત્વની પ્રાપ્તિ.

- ઘનજીભાઈ નડીઆપરા

સમય નથી કે મન નથી?

એક યુવાન એક સંત પાસે ગયો અને કહ્યું ગુરૂજી ! મારે જીવનમાં ધાર્મિક કાર્ય કરવા છે, પણ મને એ માટે સમય જ મળતો નથી. તો મારે શું કરવું ? સંતે કહ્યું, વત્સ તે બાલ્યકાળમાં કે યુવાવસ્થામાં ધર્મ કર્યો હશે ને. પેલાએ કહ્યું, બાળપણમાં સ્કૂલ, ટ્યુશન, હોમવર્ક ને રમતમાં સમય પસાર થઈ ગયો. જ્યારે યુવાનવયે પરિવાર, વ્યવહાર અને નોકરી સાચવવામાં સમય પસાર થઈ ગયો. હવે હું બુઢાપામાં વિચારીશ. સંતે બીજા દિવસે આવવાનું કહ્યું. બીજે દિવસે યુવાન આવ્યો ત્યારે સંત વ્યસ્ત હતા એટલે કાલે આવજે. આ રીતે દસ દિવસ વીતી ગયા પણ સંત વ્યસ્ત જ રહ્યા. આખરે યુવાને પૂછી લીધું કે ગુરૂજી, માફ કરજો. પણ રોજ આપ વ્યસ્ત હોવાને કારણે મને જવાબ આપવાનો સમય નથી ? કે જવાબ આપવાનું મન નથી ?

સંતે સ્મિત સાથે કહ્યું આ જ પ્રશ્ન હું તને પૂછવા માગું છું. તારી પાસે ધાર્મિક કાર્ય માટે સમય નથી તો તારા પાસે ફરવા જવાનો, મોજ-શોખ માટે, ટી.વી. જોવાનો કે મોબાઈલ જોવાનો સમય ક્યાંથી મળે છે ? 'તને ધાર્મિક કાર્ય માટે ખરેખર સમય નથી ? કે મન નથી ?' સંતની આ ચોટદાર વાત યુવાનના મનમાં બેસી ગઇ.